સુવિચાર
સાચું બોલવાનો એક લાભ એ છે કે તમે શું બોલ્યા હતા તે યાદ કરવું પડતું નથી.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૩૧/૧૨/૨૦૨૩, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૦ માગસર વદ-૫ વર્ષ : ૧૫ અંક : ૦૧૭

## એક જ દિવસમાં ૧૩૪૮ ભારી આવક થતાં સંચાલકો ખૂશ

# અમરેલીનાં માર્કેટયાર્ડમાં લાલચટક મરચાની ભરપૂર આવક

**ખેડૂતોને રાજકોટ કે ગોંડલનાં માર્કેટયાર્ડ જેટલો જ ભાવ સ્થાનિક કક્ષાએ મળતાં સૌ ખૂશ**

**અન્ય માર્કેટયાર્ડમાં ૨૦ થી ૩૦ દિવસે અને અહીંયા ગણતરીની કલાકોમાં ખેડૂતોનો વારો આવી જાય છે**

**યોગ્ય રીતે હરાજી અને નિયમ પ્રમાણે તોલ થતાં ખેડૂતો ખૂશ**

**યાર્ડનાં ચેરમેન શૈલેષ સંઘાણી અને પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રાએ ખેડૂતોની મુલાકાત લીધી**



અમરેલી, તા. ૩૦

અમરેલી માર્કેટયાર્ડમાં આ વર્ષે સુકા લાલ મરચાની જાહેર હરરાજી શરૂ કરેલ હોય જેમાં દિવસે ને દિવસે આવક વધતી જતી હોય ત્યારે ગત તા. ૩૦/૧૨/૨૦૨૩નાં રોજ ૧૩૪૮ ભારી મરચાની આવક થયેલ હોય અને સાથે જ ખેડૂતોને રાજકોટ, ગોંડલ માર્કેટયાર્ડ જેટલો જ મરચાનો ભાવ મળતો હોય જેથી ખેડૂતો પણ ખૂબ જ ખૂશ-ખૂશાલ છે અને હાલ ગોંડલ અને રાજકોટ તાલુકાનાં મરચાની જ ધુમ આવક હોય. ત્યારે માર્કેટયાર્ડના ચેરમેન શૈલેષભાઈ સંઘાણી તથા પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રા ખેડૂતોને મળવા માટે રૂબરૂ પહોંચી ખેડૂતો સાથે વાર્તાલાપ કરેલ અને ખેડૂતભાઈઓને કોઈ અગવડતા હોય તો જણાવવા કહેતા ખેડૂતભાઈઓએ જણાવેલ કે અમરેલીનાં આધુનિક માર્કેટયાર્ડમાં અમોને કોઈ પણ પ્રકારની અગવડતા નથી અને ગોંડલ, રાજકોટમાં જયારે અમે આજની બજારભાવ જોઈએ માલ વેંચવા મુકીએ ત્યારે ત્યાં અમારો વારો ૨૫ થી ૩૦ વિદસે આવે છે. ત્યારે શું ભાવ હોય એ કેમ ખબર ? ઉપરાંત અમારા માલની રેઢી હરરાજી થાય અને

અનુસંધાન પાના ૬ ઉપર

## રસોડામાં ગેસ શરૂ કરવા જતા બનાવ બન્યો

# સાવરકુંડલાના નેસડી ગામે ગેસ લીકેજ થતાં પિયુષભાઇ વઘાસીયાનું દાજી જવાથી મોત

**નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ**

અમરેલી, તા. ૩૦

સાવરકુંડલા તાલુકાના નેસડી ગામે રહેતા કિરણબેન પિયુષભાઈ રાજાભાઈ વઘાસિયા ગત તા. ૧૬ ના રોજ પોતાના ઘરે રસોડામાં ચા બનાવવા માટે ગયેલ અને ગેસ ચાલુ થતો ન હોય તેમણે પિયુષભાઈ રાજાભાઈ વઘાસિયાને ગેસ ચાલુ કરવા માટે બોલાવેલ હતા. જેથી ગેસનો બાટલો ચાલુ કરી ગેસના ચુલા ચેક કરતા હતા તે દરમ્યાન પ્લેટફોર્મની નીચે કિરણબેનના સાસુ બીજાના ગેસના ચુલા ઉપર ચા બનાવતા હતા અને તે લાઈટરથી ચાલુ કરવા ગયેલ તે દરમ્યાન પ્લેટફોર્મ ઉપર ગેસ ચેક કરતા હતા તેમાં ગેસ લીકેજ હોવાથી અચાનક આગ લાગેલ જેથી પિયુષભાઈ (ઉ.વ.૪૫) આખા શરીરે દાજી જતા સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

સાવરકુંડલામાં
અમરેલી એક્સપ્રેસ
એજન્ટ/પત્રકારની નિમણુંક થયેલ છે

સાવરકુંડલા શહેરમાં "અમરેલી એકસપ્રેસ" દૈનિકના પત્રકાર કમ એજન્ટ તરીકે કેવલ વેલાણી ની નિમણુંક કરવામાં આવી હોય પ્રેસનોટ, અવસાનનોંધ, જાહેરખબર અને વર્તમાનપત્ર મેળવવા માટે સંપર્ક કરો.
કેવલ વેલાણી (સાવરકુંડલા)
કેવલ વેલાણી
મો. ૯૯૯૮૭ ૭૮૨૮૧-સાવરકુંડલા

Aikyam
ન્યુરો સાઈકીયાટ્રી હોસ્પિટલ
ડૉ. વિવેક પી. જોષી M.B.,D.P.M./F.I.P.S.
■ શું આપને ઉદાસી રહે છે ? ■ રડવું આવે છે ?
■ ગમતુ નથી ? તો તે ડિપ્રેશન રોગનું લક્ષણ હોય શકે છે.
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ
સ્થળ : પરમ કોમ્પ્લેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૪૨૨૪ - મો.નં. ૯૭૩૭૦ ૨૮૧૮૧
: કિલનીક સમય :
સોમ થી શનિ - સવારે ૯ થી ૧ અને સાંજે ૫ થી ૮

હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે
મેડીકલ ઓફીસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
પગાર ધોરણ : ૧૩,૫૦૦/- થી ૧૬,૦૦૦/-
લેડીઝ પર્સન : દિવસ માટે (Day shift)
જેન્ટસ પર્સન : રાત્રી માટે (Night shift)
રિસેપ્સનિસ્ટ - ૧
કમ્પ્યુટર/૧૨ પાસ
પગાર ધોરણ : ૭,૦૦૦/- થી ૮,૦૦૦/-
મેડીકલ સ્ટોર
જેન્ટ્સ પર્સન : દિવસ માટે (Day shift)
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહીં
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

લાખ-લાખ અભિનંદન

અમરેલી જિલ્લા વકીલ મંડળની ચુંટણી લડી સેક્રેટરી પોસ્ટ પર વિજેતા થવા બદલ એડવોકેટ શ્રી જે.આર. વાળા સાહેબ ને લાખ-લાખ અભિનંદન સહ આપ ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કરતા રહો તેવી શુભેચ્છા...
: શુભેચ્છક :
શ્રી આર.ડી. માધડ (એડવોકેટ & નોટરી)
શ્રી હરેશભાઈ સેજુ (એડવોકેટ & નોટરી)
શ્રી ઉત્પલભાઈ માધડ (એડવોકેટ)
: અમરેલી :

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી. (જંગરવાળા)
"વૃત્તિ" શ્રેષ્ઠ હોય તો કોઇ પણ, "પ્રવૃત્તિ" શ્રેષ્ઠ જ થવાની...
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો
95558 11166

Jaya Art & Culture
ગર્લ્સ સ્કૂલના મેદાનમાં ,નાગનાથ મંદિર પાસે , અમરેલી
તા. ૩૧/૧૨, રવિવાર સુધી જ
સમીર પટેલ પ્રસ્તુત
મેજીક ઓફ ઇન્ડિયા
દરરોજ રાત્રે ૯:૩૦ કલાકે
: દર રવિવારે બે શો :
સાંજે ૬ અને રાત્રે ૯:૩૦ કલાકે
ટીકીટના દર : વી.આઇ.પી. રૂા. ૧૫૦
ફર્સ્ટ કલાસ રૂા. ૧૦૦ - સેકન્ડ કલાસ - રૂા. ૭૦
ઠંડી ના લાગે તેવા તંબુમાં નિહાળો...
જાદુગર તેજા
જાદુગર વૈતાલ
ગ્રુપ શો, ચેરીટી શો તેમજ સામાજિક સંસ્થાના શો માટે સંપર્ક કરો.
મો. ૭૩૫૯૮ ૦૦૧૪૧
બહારગામથી ૧૫ પેસેન્જર લઈ આવનાર વાહનના ડ્રાઇવરને ફ્રી પ્રવેશ આપવામાં આવશે.

સચોટ - સટીક - સાતત્યસભર દૈનિક
આમ આદમીનું અખબાર
વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૪
અમરેલી એક્સપ્રેસ
આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના
લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-
લવાજમની મુદ્દત
તા.૦૧-૦૧-૨૦૨૪ થી તા.૩૧-૧૨-૨૦૨૪
અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...
એજન્ટ/પત્રકારની નિમણુંક કરાશે
જિલ્લાના રાજુલા, ચિતલ, લાઠી, દામનગર, લીલીયા, વીજપડી, ટીંબી, જાફરાબાદ, ડુંગર સહિતનાં ગામોમાં વધુ એક એજન્ટ અને પત્રકાર ની નિમણુંક કરવાની હોય રસ ધરાવતી અને અનુભવી વ્યક્તિઓએ સંપર્ક કરવો.
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩

### પોલીસ અધિક્ષકની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# ઘરફોડ ચોરી સહિતનાં ગુન્હામાં સંડોવાયેલ અને બે ગુન્હામાં નાસતો–ફરતો આરોપી ઝડપાયો

### વધુ તપાસ અમરેલી તાલુકા પોલીસે શરૂ કરી



અમરેલી, તા. ૩૦

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે જિલ્લામાં મિલ્કત સબંધી વણશોધાયેલા ગુન્હાઓ શોધી કાઢી, ગુનામાં સંડોવાયેલ આરોપીઓને પકડી પાડવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે અમરેલી એલ.સી.બી. પો.ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલસીબી ટીમ દ્વારા મિલ્કત વિરૂધ્ધના ગુનાઓ આચરતા અજાણ્યા આરોપીઓ અંગે સઘન તપાસ હાથ ધરવામાં આવેલ. તા. ૩૦/૧૨ નાં રોજ અમરેલી તાલુકાના નાના આંકડીયા વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન બાતમી તેમજ ટેકનીકલ સોર્સ આધારે અમરેલી તાલુકાના નાના આંકડીયા ગામ પાસેથી આરોપી નગરૂસિંગ ઉર્ફે નગર ઉર્ફે નોઘરૂ ઉર્ફે રષિ ઉર્ફે રાહુલ કલમસિંગ ઉર્ફે કમલસિંગ અજનાર રહે. બઈડા ગામ, (મધ્યપ્રદેશ) ને શંકાસ્પદ ચોરીના સાધનો સાથે પકડી પાડી, મજકુર ઈસમની સઘન પુછપરછ કરતા તેને અલગ અલગ જગ્યાથી ઘરફોડ ચોરી કરેલ હોવાની કબુલાત આપતા, પકડાયેલ આરોપી તથા મળી આવેલ મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

પકડાયેલ આરોપીની સઘન પુછપરછ કરતાં આજથી આશરે દસેક દિવસ પહેલા અમરેલી તાલુકાના પીપળલગ ગામે રાત્રીના સમયે ગયેલ અને ગામમાં આવેલ રામાપીરના મંદિરના દરવાજા તોડી, મંદિરમાં રહેલ ચાંદીના છતર નંગ–૧૭ તથા ચાંદીના બે ઘોડા તથા દાન પેટ્ટીમાંથી રોકડ રૂપિયાની ચોરી કરેલ હતી.

આજથી આશરે પંદર દિવસ પહેલા પોતે તથા પોતાનો મિત્ર મૌવત ઉર્ફે સહોબત ભવરસિંગ ડાવર રહે. બઈડા ગામ, તા. જોબટ અમરેલી તાલુકાના મોટા આંકડીયા ગામે રાત્રીના સમયે ગયેલ અને ગામમાં આવેલ ખોડીયાર માતાના મંદિરના દરવાજા તોડી મંદિરમાં રહેલ ચાંદીના નાના મોટા છતર નંગ–૩ તથા સોનાના ઝાંઝર તથા સોનાનો કંદોરો તથા દાન પેટ્ટીમાંથી રોકડ રૂપિયાની ચોરી કરેલ હતી.

આજથી આશરે પાંચેક મહિના પહેલા પોતે તથા પોતાનો મિત્ર મોબત ઉર્ફે મહોબત ભવરસિંગ ડાવર સાથે મળી, વડીયા તાલુકાના અમરાપુર ગામે ગયેલ અને રાત્રીના સમયે ગામમાં આવેલ સ્વામીનારાયણ મંદિરના દરવાજા તોડી મંદિરમાં રહેલ પંચધાતુની મુર્તિ તથા દાન પેટ્ટીમાંથી રોકડ રકમની ચોરી કરેલ હતી.

આજથી આશરે પાંચેક મહિના પહેલા પોતે અમરેલી તાલુકાના જસવંતગઢ ગામે ગયેલ અને ગામથી કુલવાડી પ્લોટ વિસ્તારમાં એક પાનના ગલ્લાનું શટર ઉંચુ કરી, તેમાંથી તથા ગામમાં આવેલ હનુમાનજીના મંદિરના તાળા તોડી, તેમાં રહેલ દાન પેટ્ટીમાંથી રોકડ રકમની ચોરી કરેલ હોવાની કબુલાત આપેલ છે.

### વકીલ મંડળની યોજાયેલ બેઠકમાં

# બાબરા વકીલ મંડળનાં નવા વર્ષનાં હોદ્દેદારોની વરણી કરાઈ

### પ્રમુખ તરીકે એડવોકેટ રમેશભાઈ મીઠાપરા, ઉપપ્રમુખ તરીકે પ્રતાપભાઈ ખાચરની વરણી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૩૦

બાબરામાં વકીલ મંડળની એક બેઠક યોજાઈ હતી. જેમાં આગામી વરસ માટે વકીલ મંડળના નવ નિયુકત હોદ્દેદારોની વરણી સર્વાનુમતે કરવામાં આવી હતી.જેમાં પ્રમુખ તરીકે એડવોકેટ અને નોટરી રમેશભાઈ મીઠાપરા, તેમજ ઉપપ્રમુખ તરીકે પ્રતાપભાઈ ખાચર,સેક્રેટરી તરીકે કિરીટભાઈ પરવાડીયા, જોઈન્ડ સેક્રેટરી તરીકે હરેશભાઈ મેવાડા તેમજ ખજાનચી તરીકે જગદીશભાઈ વાવડીયા અને લાયબ્રેરીન તરીકે અતુલભાઈ નિમાવતની વરણી થતા તમામ વકીલ મિત્રો દ્વારા વરણીને આવકારી અભિનંદન પાઠવ્યા હતાં.

### રેલિંગનો અભાવ, પુલ અતિ બિસ્માર

# અમરેલીનાં જેસિંગપરા તરફ જતાં બેઠા પુલ ઉપર સાયકલ સવાર આધેડ ગોથુ ખાઈ ગયા

### માથેનાં ભાગે ઈજા થતાં સારવારમાં ખસેડાયા





અમરેલી, તા. ૩૦

અમરેલી એક જિલ્લા કક્ષાનું શહેર હોવા છતાં શહેરનો વિકાસ થવાના બદલે અગાઉ મળેલ સુવિધાઓ છીનવાઈ રહી છે. ત્યારે અમરેલી શહેરને જેસિંગપરા સાથે જોડતા બેઠા પુલ પર રેલીંગ ન હોવાના કારણે છાશવારે નાની–મોટી ઘટના સર્જાય છે. મોરબી જેવી ઘટના ઘટે તે પહેલાં તંત્ર જાગશે કે કેમ ? ત્યારે આજે આ રેલીંગ વિનાના પુલ ઉપરથી પસાર થતાં એક સાયકલ સવાર આધેડ અકસ્માતે પડી ગયા હતા. તેમને સારવાર માટે ખસેડવા પડયા હતા.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ અમરેલી શહેરને જેસિંગપરા સાથે જોડતા બેઠા પુલ પર રેલીંગ ન હોવાના કારણે છાશવારે નાની મોટી ઘટના સર્જાય છે. ત્યારે આજે આ રેલીંગ વિનાના પુલ ઉપરથી પસાર થતાં એક સાયકલ સવાર આધેડ પુલ ઉપર માર્ગની વચોવચ પડી ગયા હતા. જો કે સદનસીબે તેઓ નદીમાં નહીં પડતાં તેઓને સારવાર માટે ખસેડવા પડયા હતા.

અમરેલી શહેરને જેસિંગપરા સાથે જોડતા બેઠા પુલ પર રેલીંગ ન હોવાના કારણે કોઈ મોટી ઘટના સર્જાય તે પહેલાં તંત્ર દ્વારા બેઠા પુલની તૂટેલી રેલીંગ તાત્કાલિક રિપેર કરવી જરૂરી બની છે. આ બેઠા પુલ ઉપરથી દરરોજ મોટી સંખ્યામાં લોકો અવરજવર કરતાં હોય તેમ છતાં પણ આ મોતના ભય વચ્ચે પણ તંત્રની રેલીંગ બનાવવાની ઢીલી નીતિના કારણે લોકોમાં રોષ જોવા મળી રહયો છે.

# રાજુલા એસ.ટી બસ સ્ટેન્ડ ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો





રાજુલા, તા. ૩૦

લોહીનું એક ટીપું માણસની જિંદગી બચાવે છે આ સુત્રને સાર્થક કરતા રાજુલા એસ.ટી.ડેપોનાં સ્ટાફ રકતદાન મહાદાન સાથેનાં સુત્રને સાર્થક કરવા આજરોજ રાજુલા એસ.ટી.ડેપો ખાતે બ્લડ ડોનેશન કેમ્પ રાખવામાં આવેલો આ કેમ્પ બાબતનું માર્ગદર્શન વિભાગીય નિયામક પી.પી.ધામાં માર્ગદર્શન નીચે રાજુલા ડેપોમેનેજર મમતાબેન જોશી તથા ડિ.ટી.ઓ. મેડમ કરમટાના અધ્યક્ષ સ્થાને યોજાયો તેમાં એ.ટી.આઈ. અયુબખાન પઠાણ તથા ભરતભાઈ વરૂ તથા ચંપુભાઈ ચાંદુ તથા કસુભાઈ ધાખડા તથા મિલનભાઈ ચાવડા તથા રાજેન્દ્રભાઈ જાની તથા હરેશભાઈ ડોઢિયા તથા સંદીપભાઈ સહિત આ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવેલ આ બ્લડ ડોનેશન કાર્યક્રમમાં મહુવા નવકાર બ્લડ બેન્ક દ્વારા પોતાની સેવા આપવામાં આવેલ આજનાં આ બ્લડ ડોનેશન કેમ્પમાં બોટલ બ્લંડ એકત્રિત થવા પામેલ.

### જાગૃત નાગરિક રાજેશ ભાતેલીયાની માંગ

# સમગ્ર દેશમાં વ્યસન મુક્તિ માટે વિશેષ જનજાગૃતિ અભિયાન શરૂ કરો

### કેન્દ્ર અને રાજયનાં આરોગ્ય મંત્રીને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૩૦

જાગૃત નાગરિક રાજેશ જે. ભાતેલીયાએ કેન્દ્રના આરોગ્ય મંત્રી તેમજ ગુજરાત રાજયનાં આરોગ્ય મંત્રીને પત્ર પાઠવી રાષ્ટ્રિય લેવલે વ્યસન મુકિત ઝુંબેશ ચલાવવા તથા આ માટે જનજાગૃતિ કાર્યક્રમોને નિયમીત રીતે વિશેષ મહત્વ આપવા સુચનો કરતા પત્રો પાઠવેલ છે.

રાજેશ જે. ભાતેલીયાએ પાઠવેલ પત્રમાં તમામ પ્રકારનાં વ્યસનથી થતાં નુકશાન અંગે તમામ ટી.વી.ચેનલો, એફ.એમ.તથા દુરદર્શન અને રેડીયો ઉપર ભારતીય ભાષામાં સતત કાર્યક્રમો પ્રસારીત કરી, વ્યસનથી થતાં નુકશાન અંગે આમ જનતાને સતત વાકેફ કરવા વિનંતી કરી છે. તેમણે આ માટે દેશભરની તમામ સ્કુલ તથા તમામ કોલેજો અને તમામ યુનિવર્સિટીઓમાં તેમજ મોટી કંપનીઓમાં, કારખાનાઓમાં વિશેષ કાર્યક્રમોનું આયોજન સતત કરવામાં આવે તેમજ વિદ્યાર્થીઓ, અને સ્ટાફને, કંપની અને કારખાનામાં કામ કરતા ભાઈ–બહેનોને વિવિધ પ્રકારનાં વ્યસનોથી થતાં નુકશાન અંગે વાકેફ કરવા પરિસંવાદનું આયોજન કરવામાં આવે. અને સચિત્ર અહેવાલ મુકવામાં આવે તથા વ્યસન મુકિત માટે નિબંધ સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધા સહુ કોઈ માટે તમામ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા યોજવામાં આવે.

તમામ પ્રકારનાં વ્યસન પ્રત્યે સમગ્ર દેશમાં અને સમગ્ર વિશ્વમાં તિરસ્કારની ભાવના ઉભી થાય તે માટે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે અને સમગ્ર દેશ–દુનિયામાં વ્યસન મુકિત ઝુંબેશ જે કોઈ ચલાવતું હોય તેને બિરદાવવામાં આવે. અને તેમને એવોર્ડ અને પુરસ્કાર આપવામાં આવે. જે વ્યસન છોડે તેનુ સન્માન કરી અને એવોર્ડ અને પુરસ્કાર પણ આપવામાં આવે. વ્યસનમુકત થવા ઈચ્છુકોને એલોપેથી, આયુર્વેદિક, નેચરોપેથી, તિબેટીયન ડોકટરો મદદ કરવા માટે આગળ આવે તે માટે નમ્ર અપીલ રાજેશા જે. ભાતેલીયા દ્વારા કરવામાં આવી છે.

વ્યસનથી મુકત થનારનાં વકતવ્યનું આયોજન દરેક શહેરમાં આવેલ ચેમ્બર ઓફ કોમર્સ જેવી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવે અને તેમને સરકાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે તે માટે વિનંતી કરવામાં આવી છે. તેમજ વ્યસનમુકિત માટે દરેક એરીયામાં, દરેક ગામ – શહેરમાં, જિલ્લામાં વર્ષમાં એકથી બે વખત વિવિધ પ્રકારનાં વ્યસનોને લઈને શેરીનાટકો તૈયાર કરી ભજવવામાં આવે. આ પાત્ર ભજવનારા તમામનું તથા આ માટે આયોજન કરનાર તથા કરાવનારનું પણ સરકાર દ્વારા એવોર્ડ અને પુરસ્કાર આપી સન્માનીત કરવા સુચન કરાયું છે.

આ માટેનાં જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરનાર અને કરાવનારને પણ એવોર્ડ અને પુરસ્કારથી દરવર્ષે સન્માનિત કરવામાં આવે અને વ્યસનમુકિત ઝુંબેશને સતત વેગવાન બનાવવા દરવર્ષે આમજનતા પાસેથી સુચનો મંગાવી અને ઉતમ સુચનો કરનારને બિરદાવી અને તેનો અમલ સમગ્ર દેશ–દુનિયામાં થતો રહે તેવી અપીલ રાજેશ જે. ભાતેલીયાએ કરી છે. આ માત્ર વિનંતી છે સજેશન છે. સુચન છે. જરૂર પડે નવી યોજના બનાવવા અંતમાં માંગ કરેલ છે.

### સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી અરજદારોના પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ

# ધારી તાલુકાના સેવા સેતુ કાર્યક્રમમાં વિવિધ યોજના અન્વયે અરજીઓનો ઉકેલ લાવવામાં આવ્યો

અમરેલી, તા. ૩૦

સેવા સેતુ કાર્યક્રમ એ રાજય સરકારના પ્રજાલક્ષી અભિગમનું એક પરિમાણ છે. સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી અરજદારોની અરજીઓનો સ્થળ પર જ હકારાત્મક રીતે ઉકેલ આવી રહ્યો છે. જિલ્લાના ધારી તાલુકાનો સેવા સેતુ કાર્યક્રમ–૨૦૨૩ યોજાયો હતો. કાર્યક્રમમાં આરોગ્ય કલ્યાણ કાર્ડ, આધારકાર્ડ, રાશન કાર્ડ, કસ્તુરબા પોષણ સહાય યોજના અન્વયે અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો હતો. ડીવર્મીંગની કુલ ૭૪૫ અરજીઓ બાબતે ૧૦૦ ટકા અરજીઓનું નિવારણ લાવવામાં આવ્યું હતું. ૭/૧૨, ૮–અ પ્રમાણપત્રોની ૪૩૨ અરજી બાબતે ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. નામ સુધારણા, અટક સુધારણા સહિત આધારકાર્ડ બાબતે ૪૬ અરજીઓ પ્રાપ્ત થઈ હતી તે તમામ અરજીઓ પર કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી. ડાયાબિટીઝ અને બ્લડ પ્રેશર ચકાસણી થયા બાદ ૩૮ આરોગ્ય કલ્યાણ કાર્ડ માટે કાર્યવાહી કરવામાં આવી હતી. આઈસીડીએસ અંતર્ગત બાળકોના ૧૫ આધારકાર્ડ બનાવવામાં આવ્યા હતા. આધારકાર્ડ સંલગ્ન મોબાઈલ નંબર બદલવા અંગે કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. નવા બેન્ક ખાતા, આધારકાર્ડમાં નામ સુધારણા, રાશનકાર્ડમાં નામ સુધારા અંતર્ગત મળેલ તમામ અરજીઓનો સ્થળ પર જ યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો.

રાજય સરકારના સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી અરજદારોના પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ આવી રહ્યું છે. રાજય સરકારના પારદર્શી અભિગમ સુશાસન વ્યવસ્થા અંતર્ગત સેવા સેતુ કાર્યક્રમ દ્વારા નાગરિકોની વિવિધ સમસ્યાઓનું નિવારણ અરજદારોને ત્વરાએ મળી રહે તે માટે પારદર્શી શાસન વ્યવસ્થા કાર્યરત છે.

# ધારી : સૌરાષ્ટ્ર નાગરિક સહકારી મંડળી દ્વારા સભાસદોને ભેટ વિતરણ શરૂ









તસ્વીર : નુરૂદીન ચાવડા–ધારી

ધારી ખાતે આવેલ સૌરાષ્ટ્ર નાગરિક શરાફી સહકારી મંડળી દ્વારા પોતાના સભાસદોને ભેટ આપવા માટેનો એક કાર્યક્રમનો આરંભ કરવામા આવ્યો હતો તેમજ હજુ પણ સભાસદોને ભેટ વિતરણ કરવામા આવશે. આ તકે માજી ધારાસભ્ય મનસુખભાઈ ભુવા, ચેરમેન અનિલભાઈ વેકરીયા, એમ.ડી પ્રવિણભાઈ કસવાળા, ડિરેકટર વિનુભાઈ કાથરોટીયા, સુરેશભાઈ અટાળા, પ્રવિણભાઈ નસીત, રમેશભાઈ ભુવા સહિતના આગેવાનો હાજર રહ્યાં હતા.

## લાખો રૂપિયાનાં ખર્ચે તૈયાર તો થયું પણ શહેરીજનોને કોઈ ફાયદો નહી

# અમરેલીનાં એરપોર્ટ નજીકનું બ્યુટિફિકેશન નર્કાગારની સ્થિતિમાં

એક તરફ સરકાર તરફથી કરોડો રૂપિયાની સહાય સ્વચ્છતા અભિયાન પાછળ ફાળવવામાં આવે તેનો લાભ મળતો નથી

પાલિકા દર વર્ષે સ્વચ્છતા પાછળ ૪ થી ૫ કરોડ જેવો ખર્ચ કરે છતાં પણ ઠેકઠેકાણે ગંદકી જોવા મળે

રાધિકા હોસ્પિટલથી લઈને એરપોર્ટનાં દરવાજા સુધી નિયમિત સફાઈનાં અભાવે ગંદકીનાં ગંજ ખડકાયા

સરકાર કરોડો રૂપિયાનો ખર્ચ કરીને સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવે છતાં પરિણામ શૂન્ય



અમરેલી, તા. ૩૦

અમરેલી શહેરમાં રખડતા પશુઓ, બંધ સ્ટ્રીટલાઈટ, વિકરાળ ટ્રાફિક જેવી સમસ્યાઓ નિયમિત બની છે અને સૌથી વધુ ગંભીર સ્થિતિ સ્વચ્છતાને લઈને જોવા મળી રહી છે. શહેરનાં રાજમાર્ગોથી લઈને રહેણાંક વિસ્તારમાં નિયમિત સ્વચ્છતાનાં અભાવે વ્યાપક પ્રમાણમાં ગંદકીનો માહોલ જોવા મળી રહ્યો છે.

દરમિયાનમાં અમરેલીનાં રાજમાર્ગ સમા એરપોર્ટ માર્ગ પર રાધિકા હોસ્પિટલથી એરપોર્ટ સુધી લાખો રૂપિયાનાં ખર્ચે બનાવવામાં આવેલ બ્યુટિફિકેશનમાં નિયમિત સફાઈનાં અભાવે ગંદકીનાં ગંજ ખડકાયા છે અને શહેરીજનો બ્યુટિફિકેશનમાં શાંતિથી બેસી શકે તેવી સ્થિતિ જોવા મળતી નથી.

આશ્ચર્યજનક બાબત એ છે કે, "અમરેલી એકસપ્રેસ" પાલિકાની બેદરકારી અંગે અવારનવાર અહેવાલ પ્રસિધ્ધ કરે છતાં પણ શાસકો ગંભીર બનતા ન હોય લોકશાહી શાસન વ્યવસ્થામાં આ બાબત અતિ દુ:ખદાયક બની છે.

એક તરફ સરકાર કરોડો રૂપિયાનો ખર્ચ જાહેર ખબર પ્રસિધ્ધ કરાવીને સ્વચ્છતા લક્ષી અભિયાન ચલાવે અને બીજી તરફ સ્વચ્છતાની બધી જવાબદારી જનતા પર ઢોળી દેવામાં આવતી હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે.

### આગામી ૭મી જાન્યુઆરીનાં રોજ

## સા.કુંડલાનાં લોહાણા વિદ્યાર્થી ભુવનનાં પૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન યોજાશે

### ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને સંપર્ક કરવા જણાવાયુ

અમરેલી, તા. ૩૦

લોહાણા વિદ્યાર્થી ભવન સાવરકુંડલાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું ' 'સ્નેહમિલન'' તા. ૭/૧/૨૦૨૪ને રવિવારનાં રોજ સાંજે ૪:૦૦ કલાકે લોહાણા વિદ્યાર્થી ભવન સાવરકુંડલા ખાતે રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં જે વિદ્યાર્થીઓનાં નંબર ઉપલબ્ધ હતા તેઓને ટેલીફોનીક જાણ તેમજ નિમંત્રણ પાઠવવામાં આવેલ છે. જે લોકોનો સંપર્ક થઈ શકેલ નથી તેઓને નિમંત્રણ પાઠવવામાં આવે છે.

આપના પાલતુ ઘોડાને ભુખ તથા પાચન સંબંધી લક્ષણો માટે તેમજ ઘોડામાં થતો પેટતોડાનાં રોગ માટે
૧૦૦% અસરકારક આયુર્વેદિક દવા મળશે
તેમજ વછેરા-વછેરીનાં વિકાસ માટે અસરકારક પાવડર મળશે
સંપર્ક કરો શ્રી રાકેશભાઈ ખત્રી
મો. ૮૫૩૦૪ ૭૭૦૨૨ - અમરેલી

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા) આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

LED TV, હોમથીયેટર, પ્રોજેક્ટર, પ્રીન્ટર, CCTV, ટ્રીમર તેમજ બધા જ ઈલેક્ટ્રીક ડીવાઈસ રીપેરીંગ કરી આપીશુ
પ્રિસીસન ટેલીકોમ
દુ.નં.B-4, રોનક ટ્રાન્સપોર્ટની બાજુમાં, ડીવાઈન એમ.આર. આઈ. સેન્ટર ની સામે, કોમા સ્ટોર ની પાછળ, જુના માર્કેટીંગ યાર્ડની અંદર, અમરેલી ફોન : ૨૩૦૯૪૦, મો.૯૮૨૫૧ ૭૫૧૬૩

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડ્યા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડ્યા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

એકદમ ક્રિસ્પી ખાજલી
મોહનથાળ ગુલાબ જાંબુ
ટોપરાપાક લાડુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઇ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

॥ વંદે માતરમ્ ॥
YAMAHA જીજ્ઞેશ એજન્સી YES! YAMAHA
Make an Impression fascino 125Fi
SHANDAAR DUMDAAR MILEDAAR
It's fascino yaar
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

HONDA સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
ફ્રી હેલમેટ
3+3 years warranty
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૨૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

''શ્રી વલ્લભ''
MARUTI SUZUKI ARENA
ડિસેમ્બર ધમાકા ઓફર
પછી કહેતા નહીં કે અમે રહી ગયા....
ભાવ વધે તે પહેલા કાર બુક કરાવો અને તમારા સપનાની કારનાં માલીક બનો...
CELERIO
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

Hero
Go BIG Go XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601

તમારો દરેક પ્રસંગ યાદગાર બનશે
ક્રિષ્ના ઈવેન્ટ
•અમરેલી •સુરત •મોરબી
KRISHNA EVENT
• લોકડાયરો • લગ્નગીત
• હાસ્ય દરબાર ગરબા • પ્રાઈવેટઈવેન્ટ
• સંગીતસંધ્યા • રાસગરબા
• કોર્પોરેટઈવેન્ટ • બોલિવૂડ કોન્સર્ટ
દ્વારકેશભાઇ જોષી
99741 55535



# સન્ડે સ્વીટ્સ

અમરેલી એક્સપ્રેસ

તા. ૩૧-૧૨-૨૦૨૩

## ફિલ્મી સફર (એક ઈતિહાસ)

હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

**પ્રકરણ-૧૬૫**

**'આ સજ... ના બરખા બહાર આઈ, રસ કી ફુહાર લાઈ.. અંખિયો મે પ્યાર લાઈ.. આ.. સ... જના'**
**'લાગે ના મોરા જીયા.. સજના.. નહીં આયે.. હાએ.. લાગે ના મોરા'**

**પ્રિય, વાચક મિત્રો,**

૨૦૨૩ની આ છેલ્લો દિવસ છે, આવતી કાલ થી ૨૦૨૪ નું વર્ષ શરૂ થવા જઈ રહ્યું છે, ત્યારે તમામ વાચક વડીલોને પ્રણામ અને મિત્રોને હાર્દિક શુભ કામનાઓ. નવું વર્ષ કોરોના મહામારીનું નવું વર્જન લઈ આવી રહ્યું છે, ગુજરાત સમાચાર જેવા પ્રથમ ક્રમના દૈનિકમાં આ કોરોના વાઈરસના પડઘા પડી રહ્યા છે, જેને આપણે અવગણી ના શકીએ, સરકાર પણ પૂરી વ્યવવસ્થા માં છે, પણ ઈશ્વર પાસે આપણે પ્રાર્થના કરીયે કે કોરોના જેવી ખતરનાક બીમારી કયારેય પણ ના આવે, લોકોની સુખાકારી અને પ્રગતિ જળવાઈ રહે તેજ શુભ કામનાઓ. સાથે ૧૯૬૦ ના ફિલ્મી સફરમાં આજે પ્રદીપ કુમાર અને મોતીલાલની ફિલ્મોની વાત કરીશું. હિન્દી સિનેમામાં યુવાનોમાં દેવ આનંદ એટેલ ફેશન આઈકોન કેહવાય છે, અને આજે પણ દેવ સાહેબે જે ફેશન શરૂ કરેલ તેમાં થોડા સુધારા કરી ફેશન ચાલી રહી છે, તેમ હિન્દી સિનેમાની અભિનેત્રીઓ માં વાળની એક ફેશન એટલે 'સાધના કટ' ૧૯૬૦ના દસક બાદ હેમા હોય




કે રેખા, માધુરી હોય કે શ્રીદેવી, તેમની હેર સ્ટાઈલ માં કયાંકને કયાક સાધનાની હેર સ્ટાઈલની જલક જોવા મળશે જ. આ પેહલા નરગિસ, સુરૈયા, ગીતા દત, જેવી સફળ અભિનેત્રીઓ તેમની હેર સ્ટાઈલ અલગ ધરાવતી હતી, આ પ્રણાલી ૧૯૪૦ના દસકમાં દેવિકા રાની થી શરૂ થઈ હતી, દેવિકા રાની એ તે સમયે પણ બિકિની પોજ આપી હિન્દી સિનેમા સાથે ભારતમાં તરખાટ મચાવી દીધો હતો, તેમની હિમ્મતની પ્રસંશાની સાથે અવગણના પણ થઈ હતી. આજે આપણે આ વર્ષે હિન્દી સિનેમામાં પ્રવેશ પામેલ સાધના વિષે થોડી વાત કરીશું, જો કે આજ ની ફિલ્મ 'પરખ ' એ તેમની પ્રથમ ફિલ્મ નથી, તેમની પ્રથમ ફિલ્મની વાત અભિનેતા જોય મુખર્જીની વાત સાથે કરીશું, તેઓ પણ આ વર્ષે હિન્દી સિનેમા માં આવ્યા છે.

**સાધના** – સાધના શિવ દાસની, નો જન્મ કરાચી પાકિસ્તાનમાં ૨/૯/૪૧ ના થયો, તેઓ એક માત્ર સંતાન તેમના પિતા શિવરામ અને માતા લાલી દેવી ના હતા, તેમના પિતા બંગાળી અભિનેત્રી સાધના બોજના પ્રસંસક હતા તેથી તેમણે પુત્રીનું નામ સાધના રાખ્યું, બબીતા તેમની કાકાની દીકરી બહેન થાય છે, ભારતના ભાગલા થતાં તેઓ મુંબઈ સ્થાયી થયા, તેમની આર્થિક સ્થિતિ થોડી નબળી હતી, તેથી સાધના એક ટાય પિસ્ટ તારીખે પણ કામ કરતાં હતા, તેઓ ફિલ્મી દુનિયામાં માત્ર ૧૫ વર્ષ ની વયથી આવ્યા હતા, ૧૯૫૫ની શ્રી ૪૨૦ માં તેઓ 'મૂડ મૂડ નાદેખ ' ગીતમાં એક કોરસ ગર્લ માં દેખાયા હતા, નિર્માતા શશધર મુખર્જી એ તેમને જોય મુખર્જી સાથે ૧૯૬૦માં લવ ઈન શિમલામાં અભિનેત્રી બનાવ્યા, તે ફિલ્મના નિર્દેશક આર કેનૈયર હતા, તેમણે સાધનાનું કપાળ થોડું મોટું હતું, તેના દેખાય તે માટે હેર સ્ટાઈલ કરાવી, જે હેર સ્ટાયલેથી બ્રિટિશ અભિનેત્રી ઓદ્રિ હિપ બર્ન વિશ્વમાં પ્રશિધ્ધ થયા હતા, અને તે હેર સ્ટાયલે ભારતની યુવતી આ માં એક જુવાળ ઊભો કર્યો, સાધનાને હેર ફેશન આઈકોન કેહવાય છે. આજે ધમધમતા બ્યુટી પાર્લરની માંગ ત્યારે ઊભી થઈ જયારે યુવતીઓ સાધના કટ કરવા માટે બેતાબ રેહતી હતી, આ હેર સ્ટાઈલને આજે પણ અભિનેત્રીઓ અનુસરે છે. સાધનાને દેવ આનંદ અને નુતન પ્રત્યે લગાવ હતો, અને ૧૯૬૧માં તેમણે દેવ સાહેબ સાથે સુપર હિટ ફિલ્મ ' હમ દોનો ' માં કામ કર્યુ હતું , લવ ઈન શિમલા સફળ રહી , અને તેજ વર્ષની બિમલ રોય ની ' પરખ 'પણ સફળ રહી, બિમલ રોયે તેમની સાધના કટને અહી દર્શાવી ના હતી. ત્યારબાદ સાધના એક સફળ અભિનેત્રી તરીખે પ્રસિધ્ધ થયા, ફિલ્મ ' વો કેન થી ? ની સફળતા બાદ તેમને એક વધુ ઉપનામ 'મિસ્ટ્રી ગર્લ એટલે કે રહસ્ય યુવતીનું મળ્યું હતું. સાધનાને તેમની પ્રથમ ફિલ્મના નિર્દેશક આર કે નૈયર સાથે પ્રણય થઈ ગયો, અને કારકિર્દી સફળતાના શિખરો પર હતી ત્યારે, ૧૯૬૬માં લગ્ન કર્યા હતા, સાધનાની ફિલ્મોની વાત કરીયે તો ૯૦ % ફિલ્મો સફળ રહી હતી. તેમને ૧૯૬૬ બાદ થાઈ રાઈડની બીમારી થઈ હતી, અને નવી અભિનેત્રીઓ આગળ આવી રહી હતી, તેથી તેમણે ફિલ્મોથી નિવૃતિ લીધી હતી, તેઓ એ પ્રોડકશન પણ શરૂ કરેલ, પણ તેમાં સફળતા મળી ના હતી, તેમને કોઈ સંતાન ના હતું, તેઓ ૨૫ ડિસેમ્બર ૨૦૧૫ના રોજ અમર થયા હતા.

**પરખ** – આ દુનિયામાં રૂપિયો એવી ચીજ છે જે કોઈપણ માનવીનું મન વિચલિત કરી શકે છે, પણ અમુક લોકો આ માયાથી પર હોય છે, અને તેને મહાન વ્યક્તિ કહી શકાય છે, આવી કહાની લઈ બિમલ રોયના નિર્દેશન અને નિર્માણમાં ફિલ્મ આવી, 'પરખ 'કમલ બોઝની સિનેમા ઓટો ગાર્ફિ,અમિત બોઝનું એડિટિંગ, શૈલેન્દ્ર ના ગીતો અને સલિલ ચૌધરીના મધુર સંગીત સાથે, મોતીલાલ, સાધના, બસંતા ચૌધરી, લીલા ચિટનીસ, દુર્ગા ખોટે, પ્રવીણ પાલ, કન્હૈય લાલ, અસિત સેન, રશિદ ખાન, હરિ શિવદાસની, (સાધના ના મોટા કાકા), કેષ્ટો મુખર્જી, જયંત અને નાસિર હુસેનથી




અભીનીત આ ફિલ્મ સફળ રહી હતી. ફિલ્મની કથા એવી છે કે નાસિર એક પોસ્ટ માસ્ટર છે, (જે ત્યારે ગરીબ કહવાતાં હતા ), અને સાધના તેની પુત્રી છે, તેની પત્ની બીમાર છે, ગામમાં જમીનદાર, પૂજારી, અને ધનવાન લોકો ગામના ગરીબ લોકો પર દયા રાખતા ના હતા, અરે, ડોકટરરશિદ પણ જાલિમ બની રહતો હતો, તેવા માં ગામની પોસ્ટ ઓફિસમાં એક પત્ર આવે છે, નાસિર અને તેનો ચાકર મોતીલાલ જે હમણાં જ ગામમાં આવ્યો છે, તે ગામને વાચી સંભળાવે છે કે ગામના રહિસ જે આજે ખુબજ અમીર છે, તે ગામના કલ્યાણ માટે પાંચ લાખ (આજ ના પચાસ લાખ કરતાં વધુ )ની રકમ ગામના સજજન વ્યક્તિને આપવા માંગે છે, અને ચેક મોકલેલે છે. પણ નક્કી થતું નથી કે ગામમાં સજજન કોણ ? આ રકમ મેળવવા ગામના ધનવાનો, જમીનદારો, સરપંચ, ડોકટર દરેક સેવા કાર્યમાં લાગી જાય છે. અંતે નાસિરનો ચાકર જ તે ધનવાન વ્યક્તિ છે તે બહાર આવે છે, અને નાસિરને તેની ઈમાન દારીથી સન્માનીત કરે છે, અને ગામનો સજજન વ્યક્તિ જાહેર કરે છે.

ફિલ્મ નું ગીત 'આ .સ..જના .. માં લતાજી સજનાએ રીતે બોલે છે કે, વાદળ વીજળીના સંપર્કમાં આવે અને જે અનુભૂતિ થાય તેજ અનુભૂતિ એક નવ યોવાના અનુભવે છે, તે સ્પષ્ટ કરતો સ્વર .. શબ્દ એટેલ .. આ. સ... જના 'આ ગીત લતાજીના યાદગાર ગીતોમાં આવે છે, આ ગીત રાગ ખમાજ પર રચાયેલું છે. આ ફિલ્મને બેસ્ટ નિર્દેશન, બેસ્ટ સહાયક અભિનેતા મોતીલાલ અને બેસ્ટ સાઉન્ડનો ફિલ્મ ફેર એવાર્ડ મળેલ છે.. આ ફિલ્મમાં બિમલ રોયે સાધનાને એક ગામડાની સાદી યુવતીનું પાત્ર આપેલ હોય તેમની હેર સ્ટાઈલ અહી બતાવવામાં આવી નથી.

**ઘુંઘટ** – રવિન્દ્રનાથ ટાગોરની નવલકથા પર આધારિત આ સામાજિક ફિલ્મ માં, ભારત ભૂસણ, પ્રદીપ કુમાર, બીના રોય, આશા પારેખ, રેહમાન, આગા, લીલા ચિટનીસ, મીનું મુમતાઝ, કનહાઈયા લાલ, હેલેન, રાજેન્દ્રનાથે કામ કર્યુહતું, ફિલ્મનુંનિર્માણ એસ.એસ. વાસન અને નિર્દેશન રામાનંદ સાગરે કર્યુંછે, ફિલ્મના ગીતો શકીલ બદયુની એ લખ્યા છે, અને સંગીત રવિ એ આપ્યુંછે, ફિલ્મની કથા એક નવ વિવાહિત જોડા પર આધારિત છે, જે લગ્નના દિવસે એક અકસ્માતમાં અલગ પડી જાય છે, અને અંતે મિલન થાય છે, આ ફિલ્મની કથા પર થી, ગુજરાતીમાં ફિલ્મ 'પારકી થાપણ 'બની હતી , જે પણ સફળ રહ્યું હતું આ ફિલ્મ પણ સફળ રહી હતી, અને બિના રોયને આ ફિલ્મ માટે સર્વ શ્રેષ્ઠ અભિનેત્રીનો ફિલ્મ ફેર એવાર્ડ પ્રાપ્ત થયો છે. આ ફિલ્મ ના ગીતો સફળ રહ્યા હતા, લતાજીના સ્વરમાં 'લાગે ના મોરા જીયા .. સજના નહીં આયે હાએ .. લાગેના મોરા જીયા.. રફી સાહેબના સ્વરમાં 'ઈન્સાન કી મજબૂરીયા 'આશાજી ના સ્વર માં ' દિલના કહી લગાના 'યાદગાર ગીતો છે. આ ફિલ્મમાં દસ ગીતોનો સમાવેશ કરાયો હતો.

આગામી નવા વર્ષ ૨૦૨૪માં શમ્મી કપૂર અને કિશોર કુમારની ફિલ્મો સાથે મળીશું. આભાર...

---

# અસ્વસ્થ જીવનશૈલી (Life Style Deases)

ઈ.સ. ૨૦૨૩ના વર્ષનો આજે છેલ્લો દિવસ છે, આવતીકાલથી ૨૦૨૪નું નવું વર્ષ નવી આશાઓ સાથે આપણી રાહ જોઈ રહ્યું છે, છેલ્લા એક દાયકામાં ભારતે વિકાસની હરણફાળ ભરી છે, વિશ્વના વિકાસશીલ દેશોને આપણે પાછળ રાખી દીધા છે, ચાંદ સુધી આપણે પહોચીને વિશ્વની ત્રીજા નંબરની આર્થીક મહાસત્તા બનવાના દ્વારે આપણે ઊભા છે.

૧૯૪૭માં આપણે આઝાદ થયા ત્યારે આપણે ખૂબ ગરીબ અને પછાત હતા જહાં ડાલ ડાલ પર સોને કી ચીડીયા કરતી હે બસેરા એ ભારત દેશ હે મેરા આવા ભારતને વિદેશીઓ લૂંટીને સાવ ગરીબ અને પછાત દેશ બનાવી દીધો હતો અને આઝાદીના ૭૫ વર્ષ પછી આપણે પાછા એ સોને કી ચીડીયા વાળા ભારત બનવાના સ્વપ્ન સેવવા માંડયા છે જે વિશ્વનું પ્રતીનીધીત્વ કરે.

આપણે આઝાદ થયા ત્યારે આપણી મૂળ જઢરીયાત ' રોટી કપડાં ઓર મકાન' હતી જે પ્રગતીશીલ ભારતમાં હવે પૂરી થવા આવી છે, હવે આપણી જરૂરીયાત વિકાસશીલ દેશો જેવી છે અને એ બાજુના પ્રયત્નો પણ ચાલું કરી દીધા છે પણ આપણાં માટે ચિંતાનો વિષય એ છે કે બધા જ સુખ સગવડ મળતા હોવા છતા આપણે ખુશ નથી ! હાલમાં જ હેપ્પી દેશોનો ઈન્ડેકસ




જાહેર કર્યો એમાં આપણે સાવ છેવાડે ઊભા છીએ, આ યાદીમાં જે દેશો સૌથી વધુ હેપ્પી (ખુશ) છે તેમાં ફીનલેંડ , નેધરલેન્ડ , સ્વીઝરલેંડ જેવા દેશો છે આટલી બધી પ્રગતી પછી પણ આપણે હોવા જોઈએ એટલા ખુશ નથી ! શું કારણ છે ? આ આપણાં માટે ચિંતાનો વિષય છે કારણ જો આપણે હેપ્પી નહી રહી શકીએ તો તેવી પ્રગતી શું કામની ?

આ ચર્ચા એટલા માટે આજે કરીએ છીએ કે આજનો યુવાન માનસીક રોગોનો ખૂબ મોટો શીકાર બનતો જાય છે આજનો આપણો યુવાન એ આવતીકાલના ભારતનું ભવિષ્ય છે અને આયુર્વેદ મુજબ પ્રસન્ન આત્મા ઈન્દ્રીય મન સ્વસ્થ ઈત્ભીધીયતે ॥ અર્થાત જે વ્યકિતના આત્મા,મન ઈન્દ્રીયો પ્રસન્ન છે તે વ્યકિત જ સ્વસ્થ છે.

માનસીક અશાંતી – તાણ , ભાગ-દોડ વગેરે આજે શહેરી સ્પર્ધાત્મક સમાજમાં વધતાં જાય છે, જેને પરિણામે દર વર્ષે , વિશ્વના દર પાંચમાથી એક માનસીક તકલીફોમાં સપડાય છે "વિશ્વમાં રોગોનું ભારણ નામના વિશ્વ આરોગ્ય સંસ્થાના દસ્તાવેજ મુજબ, જે રોગોને કારણે માણસની કાર્યક્ષમતા અને ઉત્પાદકતા ઘટી જઈને અનેક માનવ કલાક વેડફાઈ છે એવા રોગોની યાદીમાં માનસિક રોગો અને વ્યાસનોનું નામ પ્રથમ પાંચ રોગ પૈકી જ હોય છે.

આજકાલ, ચિંતા (એન્કઝાયટી) અને હતાશા(ડીપ્રેશન) આ બે માનસિક બીમારી સૌથી વધુ

## મનઃ શાંતી (ભાગ-૧)



**ડો. ભાવેશ કે. મહેતા**
**અમરેલી**

વ્યાપક છે. માનસિક બીમારીને કારણે માત્ર માણસની કાર્યક્ષમતા જ નહી , પરંતુ આવરદા પણ ઘટે છે.

ડિપ્રેશનની બીમારીનું ગંભીર કોમ્પ્લીકેશન એટલે- આપઘાત. યુવાન વયે અકાળ મોત નિપજાવવામાં ડિપ્રેશનની બીમારી ખૂબ જ મોટો ફાળો આપે છે. માનસિક બીમારી થાય એ પહેલા અને કદી માનસિક બીમારી થવાની શકયતા ન હોય એવા ઘણા લોકોને પણ માનસિક અશાંતીનો અનુભવ વારંવાર થયા કરે છે. માનસિક અશાંતીનું કારણ ભાગ-દોડ, તાણ, ગુસ્સો, એકલતા, ઈર્ષ્યા વગેરે હોય શકે છે. માનસિક બીમારી કરતાં અનેક ગણા વધુ લોકોને સતાવતી આવી મનની આ અશાંતિને પણ ઊંડાણપૂર્વક સમજવાની અને એમાથી બહાર આવવાની જરૂરીયાત છે.

માનસિક રોગોનું ચોક્કસ કારણ હજી સુધી શોધી શકાયું નથી . પરંતુ એટલું તો હવે સ્પષ્ટ થતું જાય છે કે માણસનું જેનીનીક બંધારણ અને એનું પર્યાવરણ(જેમાં એનો ઉછેર થયો છે) આ બંને પરિબળો ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. એક સરખી પરિસ્થિતિમાં રહેલ બે માણસમાથી એક માનસીક રોગનો ભોગ બને અને બીજાને કઈ નો થાય એવું બને છે. એ જ રીતે એક જ સરખા જેનીનીક બંધારણ ધરાવનાર બે જોડીયા બાળકમાથી એકને માનસિક રોગ થાય અને બીજાને કઈ નો થાય એવું પણ બને છે.ટૂકમાં મોટાભાગની માનસિક બીમારીઆ માટે જન્મજાત પરિબળો અને પરિસ્થિતિ-જન્ય પરિબળો આ બંને જાતના પરીબળો સાથે મળીને કામ કરતાં હોય છે.

**માનસિક રોગ અંગે અગત્યની અને બધાએ સમજવા જેવી બાબત :**

માનસિક રોગ અંગે ખૂબ જ અગત્યની અને બધાએ સમજવા જેવી બાબત એ છે કે આ રોગ એ બીજા કોઈપણ શારીરીક રોગ જેવો જ હોય છે.

(૧) માનસિક રોગ એ કઈ ગભરાવા જેવી, શરમાવા જેવી કે છુપાવવા જેવી બાબત નથી. જેમ કોઈ માણસને તાવ આવી શકે એમ કોઈ માણસને ડિપ્રેશન આવી શકે.

(૨) માનસિક રોગ કઈ કાલ્પનિક રોગ નથી-અન્ય રોગની જેમ જ એ સાચે સાચું અસ્તિત્વ ધરાવે છે. એના પણ જૈવિક, શારીરીક અને પર્યાવરણીય કારણો છે અને એની પણ વૈજ્ઞાનિક સારવાર છે. દુર્ભાગ્યે વિકસિત દેશોમાં હજી આજે પણ ગંભીર માનસિક બીમારીથી પીડાતા દર્દીઓ પૈકી અડધાથી પણ ઓછા યોગ્ય સારવાર લેવા માટે જાય છે

સામાજીક પરિબળોથી ડરીને માનસિક બીમારી હોવા છતા એ ન સ્વીકારવાની વૃતિ અથવા સ્વીકારવા છતા માનસિક તકલીફ માટે સારવાર કરવાનો સંકોચ (પોતે સમાજમાં હાંસીપાત્ર ઠરશે તો ? હવે પછી કાયમ લોકો મને માનસિક દર્દી માનસે તો ? વગેરે જેવા ભયને કારણે)માનસિક રોગના દર્દી માટે નુકશાન કારક જ બને છે. સમાજમાં વ્યાપક લોકજાગૃતિથી માત્ર માનસિક બીમારી અંગે ભેદભાવનું વલણ ઘટી શકે તો પણ મોટો ફાયદો થાય. માનસિક બીમારીનો સ્વીકાર અન્ય બીમારીની જેમ જ કરવામાં આવે અને સામાજીક હુંફ પૂરી પાડવામાં આવે તો કદાચ માનસિક બીમારીઓ જલ્દી કાબુમાં આવે અને સમાજમાં કુલ માનસિક બીમારીનું પ્રમાણ ઘટી શકે.

વિશ્વમાં દર સો માંથી પાંચથી દશ વ્યકિત ડિપ્રેશનથી પીડાય છે દર ૪૦ સેકન્ડે એક આપઘાત થાય છે અને કુલ આપઘાતના ૬૦ ટકા કિસ્સામાં ડિપ્રેશનનું પરિણામ હોય છે આશરે ૩૬ કરોડ લોકો આ દુનિયામાં ડિપ્રેશનથી પીડાય છે પરંતુ એમાથી અડધાથી ઓછા ભાગનાને પણ ડિપ્રેશનની સારવાર મળતી નથી .

ડિપ્રેશનની બીમારી ફેમેલી ડોકટર પણ સહેલાઈથી ઓળખી શકે છે અને તે છતાં આ બીમારીની સમયસર સારવાર શરૂ થતી નથી જેને પરીણામે દશ લાખ લોકો આત્મહત્યા કરે છે, ડિપ્રેશન દૂર થવાથી કાર્યક્ષમતામાં પણ વધારો થાય, જે સરવાળે રાષ્ટ્રીય ઉત્પાદકતામાં વધારો કરે છે. ડિપ્રેશન જેટલી જ વ્યાપક બીમારી એન્કઝાયટી (વ્યાકુલતા- ચિંતા)ની જોવા મળે છે અતિશય ચિંતા અને વિચારોને કારણે કામકાજ અને ઊંઘ ઉપર વિપરીત અસર પડે છે. ઘણી વખત વધુ પડતી ચિંતા ને કારણે વ્યકિત સમૂહમાં ભળી શકતો નથી અને એકલતા અનુભવે છે.

જે રીતે વધુ વિચારો અને ચિંતા કર્યા કરનાર વ્યકિતથી શાંતી દૂર જતી જાય છે એ જ રીતે વધુ પડતી લાગણીઓના અતિરેક માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય માટે જોખમકારક છે. વારંવાર નાની બાબતોમાં ગુસ્સે થઈ જવું; નાની અમથી વાતમાં રડી પડવું; ઈર્ષ્યા કરવી; નાની અમથી ભૂલ માટે અપરાધભાવ રહેવો... વગેરે અનેક ઉદાહરણો લાગણીઓનો અતિરેક દર્શાવે છે.

આ બધાથી ન તો વ્યકિતને, ન એની આસપાસની વ્યકિતઓને કે સમાજને કોઈ ફાયદો થાય છે. ઊલટું સબંધોમાં સંવાદને બદલે વિસંવાદ આવવા લાગે છે વારંવાર ગુસ્સે થનાર વાયકિતથી બધા વિમુખ થવા લાગે છે અને વ્યકિત એકલતા અને વધુ ગુસ્સો કે નિરાશા અનુભવે છે. માનસિક બીમાર વ્યકિતને અન્ય કોઈ પણ વ્યકિત કરતાં વધુ હુંફ અને સામાજીક ટેકાની જરૂર હોય છે અને દુર્ભાગ્યે આપણાં સમાજમાં આવા દર્દીઓને જ સૌથી ઓછી હુંફ મળે છે **(ક્રમશઃ)**

---

# સમજણ એ જ નારાયણ

**કિસી દિન જિંદગાની મેં યે**
**કરિશ્મા કયું નહી હોતા ?**
**મૈ હુર દિન જાગતો જાતા હૂં,**
**જિન્દા કયું નહી હોતા ?!**
**– રાજેશ રેટ્ટી**

એક બહુ સરસ અને માર્મિક વાકય વાંચેલું કે, કોઈ કાર્ય સોમવારથી શરૂ કરીશ....
પહેલી તારીખથી શરૂ કરીશ...
નવા વર્ષથી શરૂ કરીશ...

નવા વર્ષ ૨૦૨૪માં આ ત્રણેય મુહૂર્ત એક જ દિવસમાં આવી રહયાં છે. તો મનમાં જે કાંઈ ગોલ નકિકા કર્યો હોય તેને પ્રાપ્ત કરવાની શરૂઆત કરી દેવામાં હવે કોની શેની અને કેટલી રાહ જોવી છે ?!!

મિત્રો એક બહુ સરસ શેર છે કે,

"વસ્તુ ખોવાય એની થાય અહી
વેદના.. અને વર્ષો ખોવાય એનું
કાઈ નહી ?!!

વર્ષોથી માણસને કશુંક નવું કરવાની જે છે એનાથી જુદુ કરવાની, ઘરેડમાં ચાલતાં જીવનમાં નવો ચીલો આતરવાની પોતાની પરિસ્થિતિમાં બદલાવ લાવવાની અરે



**યોગેશ ભટ્ટ**
(બી.એ.એલ.એલ.બી.)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી

! નિત્યક્રમમાં ફેરફાર કરવાની મનમાં કાયમ જિજીવિષા, તાલાવેલી રહેતી હોય છે. પોતાની જીવન શૈલીમાં બદલાવ લાવવાનાં માણસા કાયમ મનમાં ઘોડા ઘડે છે. !! પણ છેલ્લે મનને મનાવે છે કેવી રીતે ?! બસ આટલું આટલું તો કરવું જ છે. આટલો ફેરફારતો હવે કરી જ નાખવો છે. પણ " આવતા વીકથી આવતાં મહિનાથી નવા બેસતાા વર્ષથી !! માણસ આવી અનેક મુદોતો નાખતો જ રહે છે. અને આવા તકલાદી બહાનાની ઓથ હેઠળ જાતને હૈયારી આપતો રહે છે..!! સરવાળે એ દિવસ, અઠવાડીયું, મહિનો કે વર્ષે કયારેય આવતું જ નથી !! પૂ.શાહબુદ્દીનભાઈ રાઠોડ કહે છે તેમ 'જીવનરૂપી પહાડ ઉપર વૃતિઓનાં ધોરિયા પડી જતાં હોય છે. "સરવાળે જે છે તે જ કોઠે પડી જતું હોય છે !


મિત્રો નવું વર્ષ, નવો મહિના, નવું વીક, નવો દિવસ સઘળું એક સાથે આવી રહયું છે !! ત્યારે જાત અંગે જે ધારણાઓ બાંધી હોય, જે બદલાવ ઈચ્છતા હો તેનો અમલ શરૂ કરવાનું શ્રેષ્ઠ ચોઘડીયું જ જાણે કે આવી રહયું છે. આવો તેને ભાવથી વધાવીએ. સપનાઓને સાકાર કરવા અમલીકરણની ઉર્જા ઉમેરીએ...!! સમાપન પણ રાજેશ રેટ્ટીના જ શેરથી કરૂ તો : "જુસ્તુજુ કા ઈક અજબ સીલસીલા – તા ઉમ્ર રહા, ખુદ કો ખોના કહી, ઔર કહી ઢુંઢના થા." તો સઘળુ ભુલી, ઈતિહાસ ખુબ વાંચ્યો હવે તો ઈતિહાસ રચીએ.. સૌને શુભકામનાઓ..

---

# અંતર બને અયોધ્યા

## અનુભૂતિનાં અક્ષરો

- નિધિ મહેતા 'ખુશી' અમદાવાદ



એક અમૂલ્ય અવસર આપણા આંગણે ઉભો છે ત્યારે ઉરમાં અનેરો આનંદ ઉમંગ અને ઉત્સાહ હોય એ સ્વાભાવિક છે ગલી મહોલને ચોરે ચેટે આ ઉત્સવની ચર્ચાઓ સંભળાઈ રહી છે આ અવસર જયાં ઉજવાઈ રહ્યો છે જે આંગણે તેની ઉજવણી થવાની છે ત્યાં તો તેની તળાવમાં તૈયારીઓ થઈ જ રહી છે પરંતુ ગલી ગલી કે માણસ માણસે જનમ મુખે આ અવસર માટેની ધન્યતાને ઉત્સાહ અનુભવાય છે અને આ અવસર એટલે અયોધ્યાના આંગણે રામલલાની થવા જઈ રહેલી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ હજારો કરોડો લોકોની નજરમાં આ અવસરની પ્રતીક્ષા છે અયોધ્યાને નવા રંગ રૂપે જોવાની રામલલાના દર્શન કરવાની તાલાવેલીને તડપ છે જોકે ભગવાન શ્રીરામ તો ૧૪ વર્ષનો વનવાસ પૂરો કરી સતયુગમાં જ અયોધ્યા પધારી ગયા હતા પણ કદાચ આપણો સૌનો વનવાસ પૂરો નહોતો થયો.

જે હવે થવા જઈ રહ્યો છે અને ભગવાનનું અયોધ્યામાં આગમન થઈ રહ્યું છે ત્યારે દરેક દિલમાં નવી આશા જન્મી છે કે રામ આવ્યા છે તો રામ રાજય પણ આવશે પ્રભુ શ્રીરામના આગમનની દરેક આંખોમાં આતુરતાથી પ્રતીક્ષા થઈ રહી છે જેની ભવ્યતાને દિવ્યતા નિહાળવા લાખો લોકો અયોધ્યા જવા કટિબદ્ધ થયા છે અને જે અયોધ્યા નથી જઈ શકતા એ પોતાના ઘરદવારને અયોધ્યા બનાવી ભગવાન શ્રી રામના આગમનને વધાવવા આતુર છે પ્રત્યેક મુખેએક જ ચર્ચાને એક જ નામ સંભળાય છે શ્રીરામ શ્રીરામ

જેને બે પંકિતમાં કહું તો,

**'ગલી મોહલ્લા બોલે ગામ,**
**જય શ્રી રામ જય શ્રી રામ.**
**નાના-મોટા સૌ લેતા નામ,**
**જય શ્રી રામ જય શ્રી રામ.**
**ચાલો જઈએ અયોધ્યાધામ,**
**જય શ્રી રામ જય શ્રી રામ.**
**થાશે પૂરા કામ તમામ,**
**જય શ્રી રામ જય શ્રી રામ.'**

રઘુનંદન શ્રીરામને મર્યાદા પુરૂષોત્તમ તરીકે ઓળખાય છે.આમ તો પરમતત્વનું અવતરવુ એ અકારણ થયેલી કૃપા જ હોય શકે.

ભગવાન શ્રીરામનો જન્મ એટલે ચૈત્ર માસના શુકલ પક્ષની નવમી તિથીને બરાબર મધ્યાહનનાં સમયે અભિજિત નક્ષત્રમા માતા કૌશલ્યાનાં ગર્ભથી પ્રભુનું પ્રાગટય થયુ. સમગ્ર અયોધ્યામા આનંદ ઊભરાયો. રઘુકુલનાં રાઘવની અદ્દ્ભૂતને અનેરી આભા.મુખ પર ખૂબ ક્રાંતિ. બાળપણથી જ સ્વભાવે શાંત, સૌમ્ય ને સુશીલ વ્યકિતત્વના ધની. ધૈર્ય, સમભાવ, સહિષ્ણુતા, આજ્ઞાકારી, સાદગીને સ્નેહ સભર હૃદયના સ્વામી.

તેમણે જીવનમા કદી કોઈ મર્યાદાનુ ઉલ્લંઘન નથી કર્યુ. પછી તે મર્યાદા સમાજની,પરિવારની, ધર્મની, રાષ્ટ્રની હોય કે સંબંધોની. દરેક કર્મ કે લીલા મર્યાદામા રહીને કરી. શત્રુ સાથે પણ મર્યાદા જાળવી વ્યવહાર કર્યો. શત્રુના પણ હિતનો વિચાર કર્યો. તેમના જીવન થકી તેમણે માણસને સમાજમા, પરિવારના કે જીવનમાં કેવુ જીવાય તેના આદર્શો દર્શાવ્યા. પિતાના વચનની મર્યાદા જાળવી રાજગાદી ત્યાગી, માતા કેકઈની આજ્ઞાથી વલ્કલ વેશ ધર્યો અને આજ્ઞાકારી પુત્રનુ ઉત્તમ ઉદાહરણ રહ્યા સમાજ માટે. ભાઈઓ માટે આદર્શ ભાઈ, એકપત્નીત્વ વ્રતની પ્રતિજ્ઞા કરી આદર્શ પતિનુ દષ્ટાંત આપ્યુ સમાજને.

રામરાજયની સ્થાપના કરી આદર્શ રાજાનુ કર્તવ્ય સમજાવ્યું. રાવણની સમગ્ર અસુર જાતિને મોક્ષ આપી ઉધ્ધાર કર્યો. વિભિષણનાં ધર્મનિષ્ઠ હાથોમાં રાવણનુ સામ્રાજય સોંપી સમાજમા ધર્મ ને મર્યાદા સ્થાપી. સર્વશકિતમાન હોવા છતાંય કયારેય પોતાની શકિતઓનો નિર્બળ પર બળપ્રયોગ નથી કર્યો. શકિતઓની પણ મર્યાદા જાળવી.

કપરા કષ્ટદાયક સંજોગોમા પણ મુખ પર સ્મિત, વાણી, વર્તન અને વ્યવહારથી સંયમ કેળવી માત્ર અયોધ્યામાં જ નહી પણ લંકાવાસી શત્રુઓના પણ મન જીતી લીધા ને જેમને મળ્યા એમના હૃદયે વસી ગયા.

ભગવાન શ્રી રામના જીવનકવનમાથી સમગ્ર માનવજાતને આદર્શ જીવનના મૂલ્યો મળે છે.

એ રામલલ્લાનું આગમન થવાનું હોય ત્યારે અયોધ્યાનું આંગણું તો ધન્ય થશે પરંતું સમગ્ર જનમાનસ એ અવસરની ધન્યતા અનુભવશે.

દરેક ઘર દરેક આંગણુંને દરેક અંતર અયોધ્યાની જેમ જ રામલીલાનાં સ્વાગત માટે આતુર છે અને દરેક મુખે આઠ શબ્દો સંભળ ાઈ રહ્યા છે.

**'રામ આયેંગે તો અંગના સજાયેંગે,**
**દીપ જલાકે દિવાલી હમ બનાયેંગે.'**
**'રઘુપતિ રાઘવ રાજા રામ,**
**જય શ્રીરામ, જય શ્રીરામ'**

લગાકર મહંતજી કી સલાહ લેકર સુરક્ષિત જગહમેં રખવા દેના તાકી કોઈ નુકશાન ન હો પાયે ઔર પ્રતિષ્ઠાકે સમયમે કામ આવે, અધિકારીકો સાફ હી સ્પષ્ટ કહ દેના કિ જિજવાન કે સ્થાન પર પ્રતિષ્ઠામેં શ્રી કુન્દનલાલ ઉપાધ્યાય અનંતપુરવાલે બૈઠેગે. સામગ્રી સબ પોસાક મુકુટ સહિત તૈયાર કરવા કે લિખે અનુસાર હમ આકર રૂપિયા પેમન્ટ કર દેગે. તુમ કેવલ ઉનકો ૨૦૦ રૂપિયા દે દેનો.

યદિ વહ આગ્રહ કરે તો ૨૦૦ રૂપિયા ઔર દે દેના ઔર મેરી છોટી પેટી સાથમે લેતે આના ઔર ઉસીમેંસે રૂપિયા નિકાલકર દેના, રાસ્તા ઝાંસી બીના બદલકર ગુના આઓ, પાટ લેતે આના. – રણછોડદાસ

જે દિન ગયે તુમહિ બિના દેખે, તે વિરંચિ જનિ પારહિ લેખે....

# રામ બિલોકિ બધુ કર જોરે દેહ ગેહ સબસન તૃણ તોરે ।

### (૫૩) નાથ કૃપા અબ ગયઉ વિષાદુ

તરત જ બની સામાન પેક કરી અમે નીકળી ગયા. મથુરાથી સાંજે રવાનાં થવાં બીજા દિવસે બપોરે બાર વાગ્યે અનંતપુર પહોંચ્યાં આજે જયપુરથી નીકળ્યે બરાબર અઠવાડિયું થયું. પહોંચતાની સાથે કહયું, 'રમા પહેલે ભોજન બનાઓ મુઝે ભૂખ લગી હે." જાણતા હતાં કે મારે અઠવાડિયાના ઉપવાસ હતા. ભીંડાનું શાક, મગની દાળ, રોટલી બનાવ્યા. ભોજન લીધું ત્યારબાદ મેં પુજા કરી, પછી હું પણ જમી.


જમ્યા બાદ કહયું, 'અગ તો વિશ્વાસ હૈ ના, બુલાયા ના !" તે દિવસે ત્યાં જ રહયાં, રાત્રે મોડી રાત સુધી હું ભગવાન પાસે હતી. મારા રૂમમાં પથારી તૈયાર કરાવેલી. જે વખતે ભણવાનું છોડયું. ત્યારથી ઉનાળામાં કંતાન, ચટાઈ અથવા રેકઝીનનો ટુકડો જ મારૂ બિસ્તર હતું, શિયાળામાં કમ્બલનો ઉપયોગ કરતી. અત્યારે તો સખત ઠંડીનાં દિવસો હોવાથી બે કમ્બલ, ગરમ શાલ ઓઢવા, પાથરવા પાસે હતું. રૂમમાં જઈ પથારી જોઈ તો ખરી પરંતુ તો મારૂ બિસ્તર પાથરી સુઈ ગઈ.

રામ પ્રાણપ્રિય જીવન જીકે, સ્વારથરહિત સખા સબહીકે।

સવારે ભગવાને ભોજન લીધા બાદ કહયું, 'રમા, તુમને માં કો બહુત દુઃખી કર દિયા" મે કહયું, "ભગવાન, હું તો કોઈ જ બોલી નથી." તો કહયું, ''અરે ઉન્હોને બિસ્તર લગવાયા થા ફિર ભી તુમ નીચે કયો સો ગઈ ? તુમ્હે માલુમ હૈ ઉનકો કિતનાં દુઃખ લગા ? "મે મારો નિયમ જણાવતાં કહયું, 'ભગવાન મૈ તો ઘર પર ભી ઐસે હી સોતી હૂં" 'દેખો રમા, ઐસા કુછ નિયમ નહીં રખના કોઈ એકકે ઉપર એક દો ગદદા બિછા દે તો ભી સો જાના ઔર કભી મુસાફરીમેં સડકકે કિનારે ખાલી જમીન પર સોના પડે તો ભી સો જાના આજ માં કો કિતનાં દુઃખ લગા ઐસા નહી કરના."

ત્યારથી આ નિયમ પણ ધીરે ધીરે છુટયો. બપોરે હું, ભગવાન, વૈષ્ણવદાસજી મહારાજજી અને નન્નુ મહારાજ ભગવાનની ગાડીમાં અનંતપુરથી નીકળ્યા. તે ગાડી લાલપટ્ટાના નામે ઓળખાતી હતી. મોટી સ્ટેશન વેગન જીપ હતી. કઈ બાજુ જવાનું છે તેથી હું અજાણ

## અહૈતુક કૃપા



## પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)

હતી. વચ્ચે જંજાલીનું જંગલ આવ્યું. ત્યાંથી હાઈ–વે પર નીકળતા માઈલ સ્ટોન પર ઉજજેન, ઈંદોરનાં નામો વંચાતા તે બાબત મે કાંઈ પુછયું નહી. લગભગ સાંજે ચારની આસપાસ રસ્તામાં એક ગામે બજાર ભરાયેલી હતી. ત્યાં ભગવાને ગાડી ઉભી રખાવી.

**સંપાદક : મહેન્દ્ર સી. જોષી**
મો. ૯૪૨૬૪ ૫૧૩૫૫ (નિવૃત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)



શ્રી વૈષ્ણવદાસજી મહારાજજીને શાકમાં કોબી, બટેટા લાવવા કહયું. પહેલી જ વાર આ રીતે ભગવાન સાથે એકલી નીકળી હોવાથી કંઈ સમજણ હતી નહીં. બધુ જોયા કરતી હતી. ત્યાંથી ગાડી ચાલુ થતાં ખોળામાં રૂમાલ પાથરી ભગવાન શાક સુધારવા લાગ્યા. મેં કહયું, 'ભગવાન મુઝે દે દો મૈ કરતી હૂં" તો કહયું, 'દેખો તો સહી મુઝે આતા હૈ કિ નહી ?" પછી બટેટા ભગવાને સુધાર્યા અને કોબી મેં સુધારી, ઠંડીનાં દિવસો હોવાથી પાંચ વાગતા તો અંધારૂ થવા આવેલું. થોડે દુર જતાં ફરી એક મોટા ઝાડ નીચે ગાડી ઉભી રાખી, તરત જ બધો સામાન ખોલાવી નન્નુ મહારાજને બાલ્ટી લઈ પાણી ભરવા મોકલ્યા. મેં પ્રાયમસ અને વૈષ્ણવદાસજી મહારાજજીએ સગડી પેટાવી. તેટલામાં સુધારેલું શાક ધોવા લાગ્યા અને મને કહયું. "ચલો સબ્જી છોક દો." ભગવાન વૈષ્ણવદાસજી મહારાજજી પાસે બધું આપ લે કરતા રહયા. ।એક થાળીમાં લોટ કાઢયો અને મને કહયું, 'ઈતનાં આટા બના લો.'''શાક વધારાઈ જતાં વધારાનો સામાન પાછો મુકાવતા રહયા. સગડી

રામ તુરત મુનિવેષ વનાઈ,
ચલે જનક જનનિહિં શિર નાઈ।

પેટતા હું રોટલી કરવા લાગી, ભગવાન શાક સંભાળતા સંભાળતા રોટલી સેકતા જતા હતા. મને કહયું, "બડી બડી બના દો." ચાર ચાર રોટલી તૈયાર થતા પ્રથમ નન્નુ મહારાજ અને મહારાજજીને તેમના હાથમાં રોટલી આપી અને પોતે આજુબાજુનાં ઝાડમાંથી પાન વીણી દોનો બનાવેલા તેમાં શાક આપી કહયું. "જાવ વો દુર પેડ કે નીચે બૈઠકર ખા લો." પછી કહયું, ''લાવ અબ મુઝે દો.'' ભગવાન પારદર્શક કાચનાં વાસણમાં ભોજન લેતા. ઝાડનાં થડને ટેકો દઈ ખુબ પ્રસન્નતાથી ભોજન લીધુ. છેલ્લે એક જ રોટલી વધી તે જોઈને કહયું, "અરે તુમારે લિયે તો કુછ બચા હી નહી" મે કહયું, 'ભગવાન, ચલૈગા બહુત ભૂખ નહી હૈ" અરે ઐસા નહી યે આટા બચા હૈ ઉસકી ભાખરી બના દો.'' ભગવાનના આગ્રહથી ભાખરી બનાવી. હું વણતી હતી ત્યારે કહ્યું, 'મૈં સેકતા હું તુમ ભોજન કરો.'' ભગવાનની સામે પ્રથમ જ વાર જમતા સંકોચ થતો હતો. એક રોટલી એક ભાખરી જમ્યા બાદ બીજી ભાખરી માટે મેં ના કહેતાં કહયું, 'ઠીક હૈ' કહી છેલ્લી ભાખરી બે હાથે પકડી આરામથી ઝાડનો ટેકો લઈ ખાવા લાગ્યા શાક તો ।હતું નહી.

આવી ખબર હોત તો શાક પણ રહેવા દેત. એકલી ભાખરી શી રીતે ગળે ઉતરે ? એ રીતે મેં પુછતા બોલ્યા, "અરે ઈસમે તો બહુત આનંદ આતા હૈ" ચારે બાજુથી ભાખરી જમી ગયેલા વચ્ચેનો ગોળ ટુકડો મને આપતા કહયું, "લો યે પ્રસાદી તો ખાઓગી ના ?' આ રીતે લગભગ ૪૦–૪૫ મિનિટમાં તો બધુ પતાવી ત્યાંથી રવાનાં પણ થઈ ગયા. લગભગ સાત સાડાસાતે ઉજજૈન શ્રી ફુલચંદજીને ત્યાં પહોંચ્યા. એકદમ સીધા, સરળ ભોળા, ભલા મારવાડી વૃદ્ધ દંપતિ હતા. કોઈ સંતાન નહી. સાધારણ સ્થિતિથી એકલા રહેતા. ત્યાં એક રૂમમાં રાત રોકાયા. આ બધા મારા માટે નવા વ્યકિત હતા.

તેઓને મારો પરિચય કરાવ્યો આવી જગ્યાએ જતા પહેલા ભગવાન રસ્તામાં જ જમવાનું પતાવી દેતા, ઘણી વખત એવું બનતું કે અનંતપુર જેવી જગ્યાએ જતા રસ્તામાં જ કહેતાં, "દેખો વહાં સંકોચ નહીં કરના અપના ઘર સમજકર જો ચાહિએ માંગ લેના."અને ઘણીવાર મોટા શહેરમાં કોઈ શ્રીમંતોને ત્યાં જતાં તો જુદી જુદી રીતે સુચન કરતા કે, 'વહાં, કુછ ભી લે નહી જો અપને પાસ હો ઉસીસે ચલા લેના."

તેમ જ કોઈ જગ્યાએ તો કોઈના ઘરમાં આવવા પણ ના કહેતા, "તુમ ગાડીમેં બૈઠે રહો મૈં અભી જાકર આતા હૂં, "કોઈ ગમે તેટલા શ્રીમંત હોય પણ પોતે

રામ ચલત અતિ મયઉ
વિષહુ સુનિ ન જાય પુર આરત નાદુ।

સ્વમાન જાળવવાનાં આગ્રહી હતા. અર્થાત

"આવ નહીં, આદર નહીં,
નયનન તહી સનેહ,
તુલસી તહાં ન જાઈએ,
કચન બરસે મૈહ,

તેનું પાલન કરતા અને કરાવતાં, સાંભળ્યું છે કે ઉપાસ્ય દેવનાં ગુણધર્મ ઉપાસકમાં ઉતરે છે. તે હિસાબે આજે પણ જીવન એજ રીતે ઘડાયું હોવાથી આ બધી બાબત જીવનમાં સહજ રીતે વણાયેલી છે.

### (૫૪) કૃપા રામકી જાપર હોઈ

બીજા દિવસે સવારે ઉજજેનથી દેવાસ પહોંચ્યા. દેવાસમાં ભગવતી સરાયમાં રોકાયા, ભગવાને હસતા હસતાં કહયું,મૈ સેવા કુછ જાનતી નહી ઉસમે ભી દવાઈયો કે વિષયમે તો મૈ બિલ્કુલ અનજાન હુ તો આપકો જબ જો દવાઈ અનુકુલ હો માંગ લેના ઔર મુઝે બિના સંકોચ બતાતે રહના." ભગવાન માટે એક દવાની નાની પેટી રહેતી તે માંગી ખોલીને બધુ જોતા હતા. ત્યારે મે તેમાં જોયું તો શિતોફલાદી, મધ, મોતીભસ્મ, પરવાલ ભસ્મ આવી થોડી દવાઓ નાની નાની બોટલમાં હતી. પેટી બંધ કરીને મને આપતાં કહયું, 'રખો મુઝે કોઈ ચીજકી જરૂરત નહી હૈ."

ખરેખર અનંતપુરથી નીકળ્યા ત્યારથી લગભગ પંદર દિવસ હું સાથે હતી તે દરમ્યાન નથી કોઈ દવા લીધી કે નથી ખાંસી ઉલ્ટી થઈ. ભગવાન જયારે જે ચાહે તે કરવાનો સમર્થ છે. રોજ સવોર રસોઈ કરવા પહેલાં મને મારો નિયમ, પુજા કરી લેવા કહેતા, "મૈં મદદ કરૂંગા પર તુમ નિયમ છોડના નહીં." આજ્ઞા પ્રમાણે હું થોડીવાર પણ માળા કરી લેતી. હવે તો જાણે રોજ ચકાસતા હોય એ રીતે દુધ લેવા **(ક્રમશઃ)**

# હોમીયોપેથીની અંદર ટૂંકા અને લાંબાગાળાનાં બન્ને પ્રકારનાં રોગોની સારવાર કરવામાં આવે છે

**સંસ્કાર હોમીયો કેર**
**ડો. જીતેન્દ્ર પટેલ**
**(હોમીયોપેથી)**

### (૧) ટુંકાગાળાનાં રોગો

કોઈપણ પ્રકારના ઉપચાર ટુંકામાં ટુંકા સમયમાં મળે છે તથા કોઈ પણ નુકસાની વગર સારવાર થાય છે.

પરંતુ લોકમુખે માનવામાં આવે છે કે હોમીયોપેથીમાં લાંબા સમયે આવી બીમારી મટે છે તે એક ખોટી માન્યતા છે.

### (૨) લાંબા ગાળાનાં રોગો

લાંબાગાળાનાં ઉપચાર માં ઘણી બધી પરેજી હોમીયોપેથીમાં આપવામાં આવે છે તે પણ એક ખોટી માન્યતા છે. "ટુંડે ટુંડે મતી ભીન્ન" તેવી જ રીતે દરેક રોગીને અલગ અલગ પરેજી આપવામાં આવે છે. દરેક દર્દીમાં લસણ, ડુંગળી, હીંગ, અત્તર, કોફી અને દવા લેતા પહેલાનાં ૧૦ મીનીટ અને દવા લીધા પછી ૧૦ મીનીટ ખાવાની મનાઈ છે. ઉપરોકત દરેક પરેજી બધા જ રોગી માટે નથી હોતી. જેવી રીતે ટુંડે ટુંડે મતી ભીન્ન છે તેવી રીતે જરૂર પ્રમાણે હોમીયોપેથીક ફિઝીશયન દ્વારા જરૂરી પરેજી આપવામાં આવે છે.

# ૨૦૨૪નાં વર્ષને નવી આશા અને નવું શીખવાની સાથે સ્વીકારીએ : રાજુભાઈ પરિખ

અમરેલી, તા.૩૦

૨૦૨૩ના વર્ષની વિદાય અને ૨૦૨૪નાં વર્ષની શરૂઆત સમયને કોઈ રોકી શકતું નથી. વિતેલા વર્ષમાં આપણે શું મેળવ્યું અને શું ગુમાવ્યું એ જ રહે છે. આપણી ભુલોમાંથી આપણે ફરીએ ભુલ ન થાય શીખવાનું છે. પરિવર્તન જીવનનો સંદેશ છે. જીવનમાં અપડેટ થતાં રહેવું પડશે. નવું નવું શીખવા અને સ્વીકારવા તૈયાર રહેવું પડશે. જગતમાં પરિવર્તન જ અપરિવર્તન શીલ નિયમ છે. સકારાત્મક




અભિગમ કેળવીએ સકારાત્મક અને હિતકર હોય એવા સંકલ્પો અચુક કરીએ. ઈશ્વરે આપણને ઘણું બધુ આપ્યું છે. પૈસા જ સર્વાધીન નથી. પ્રેમ, દોસ્તી, ભાઈચારો, નિઃસ્વાર્થ સેવા, માનવતા, દયા, વગેરે ઈશ્વરે આપેલ ભેટ છે. ક્ષણનો આનંદ માણો સંઘર્ષમાં જ મજા છે. સંઘર્ષ પુરો થઈ જશે પછી મજા નહિ રહે ગમે તેવી પરિસ્થિતિમાં ટકી રહેવું માર્ગ અચુક મળશે કોઈને કંઈ આપવાનો આનંદ લ્યો. નવી આશા, નવી ઉમંગો અને તંદુરસ્તીની ભાવનાં સાથે નવા વર્ષને વધાવીએ પ્રસન્નતા સાથે સ્વીકારીએ અને પ્રસન્ન રહીએ. ઈશ્વરને પ્રાર્થીએ સહુને શારીરક અને માનસિક તંદુરસ્તા આપ અને માનવ સેવા કરવાની શકિત આપ.

# હાર્ટ એટેકનાં શિકાર યુવાનો બનવાનું કારણ લાઈફ સ્ટાઈલ, મોડુ ઉઠવું... મોડુ સુવું... મોડુ જમવું...

**ZERO શારીરિક શ્રમ..., UNબેલેન્સ્ડ ખોરાક... NO કસરત...!**

**જીવનમાં બીજો કોઈ ફેરફાર ન થઈ શકે તો, ફકત આ ૫ વસ્તુને ખોરાકમાં સામેલ કરો... તમારે હાર્ટ એટેકની ચિંતા જ નહીં રહે..!!**



ઓમેગા–૩ ફેટી એસિડ એક પોષક તત્વ છે જેની વાત ભાગ્યે જ થાય છે, પરંતુ તે આપણા શરીર માટે ખૂબ જ જરૂરી છે. જો તમે તેનું નિયમિત સેવન કરો છો તો હાર્ટ એટેક જેવી ગંભીર બીમારીઓનો ખતરો રહે છે. આ પોષક તત્વો આપણા શરીરની રોગપ્રતિકારક શકિત વધારવાનું કામ કરે છે અને ઘણા કોષોને સક્રિય પણ બનાવે છે. ભારતનાં પ્રખ્યાત ન્યુટ્રિશન એકસપર્ટ 'નિખિલ વત્સ'એ જણાવ્યું કે એવા મુખ્ય પાંચ ખોરાક છે જે ઓમેગા–૩ ફેટી એસિડ મળે છે.

**૧. ગાયનું દૂધ :**

દૂધ એ આપણા રોજિંદા આહારનો મહત્વપૂર્ણ ભાગ છે. પરંતુ જો તમે તેનાથી વધુ લાભ મેળવવા માંગતા હોવ તો ગાયના દૂધનો વધુ ઉપયોગ કરો. કારણ કે તેમાં ઓમેગા–૩ ફેટી એસિડ્સ પણ જોવા મળે છે.

**૨. સોયાબીન :**

સોયાબીનને આપણે પ્રોટીનયુકત આહાર તરીકે ખાઈએ છીએ, પરંતુ તે ઓમેગા–૩ ફેટી એસિડ્સ પણ પ્રદાન કરે છે. ભારતમાં તેને શાકભાજીની જેમ રાંધવામાં આવે છે અને ખાવામાં આવે છે, જો તમે ઈચ્છો તો, તમે તેનો ઉપયોગ સોયાબીન તેલની જેમ પણ કરી શકો છો.

**૩. એલચી :**

એલચીને ઓમેગા–૩ ફેટી એસિડનો સમૃદ્ધ સ્ત્રોત માનવામાં આવે છે. જો તમારે તેનું સેવન કરવું હોય તો આ બીજને પીસીને પાવડર બનાવી લો અથવા બીજની મદદથી લાડુ બનાવીને ખાઓ.

**૪. ઈંડા :**

આપણે ઘણીવાર નાસ્તામાં ઈંડા ખાઈએ છીએ, જે દિવસભર એનર્જી જાળવી રાખવામાં મદદ કરે છે. તેમાં ઓમેગા–૩ ફેટી એસિડ પણ ભરપૂર માત્રામાં જોવા મળે છે, જે હૃદયનાં સ્વાસ્થ્ય માટે ખૂબ જ સારું છે.

**૫. અખરોટ :**

ડ્રાયફ્રૂટ્સની વાત કરીએ તો અખરોટને સ્વાસ્થય માટે સારું માનવામાં આવે છે, તેને ખાવાથી તમારા શરીરમાં ઓમેગા–૩ ફેટી એસિડની ઉણપ નહીં થાય. ધ્યાનમાં રાખો કે અખરોટ પ્રકૃતિમાં ગરમ હોય છે, તેથી ઉનાળામાં તેમાંથી વધુ ન ખાઓ.

**– પ્રતાપ ખુમાણ**
**સાવરકુંડલા.**

# સુખી અને સાર્થક જીવનનું રહસ્ય

### અમૃત વર્ષા આપણે આંગણે...

આઈ લવ યું. સફળ જીવનની ચાવી.

મૃત્યનાં ડરથી આખું જગત ડરે છે. જ્ઞાનીઓ સંતો મૃત્યુને મિત્ર ગણી સ્વાગત કરે છે. ન મહેતાએ ગાયું છે.

"નવી તરાયો, નથી તુંબડા, હે નાથ નથી ઉતર્યાનો આરો રામ..... નરસિંહ મહેતાના સ્વામી શામળિયા પ્રભુ પાર ઉતારો નાવ "(ન.મહેતા)

પાર પામવાની પ્રાર્થના કરે છે. તો ન.દિવેટીયા 'મંગલ મંદીર ખોલો દયામય. મંગલ મંદિર ખોલો"

વીર નર્મદ અવજ્ઞાન સંદેશમાં કહે છે :

"નવ કરશો કોઈ શોક રસિકડા, નવ કરશો કોઈ શોક" આપણે સંસારી છીએ. સામાન્ય જ્ઞાન છે. જેમ જેમ ડગ ભરતા જઈશું તમે ડર ઓછો થતો જશે.

વિનોબા કહે છે. : "મૃત્યુ તો ઈશ્વર તરફથી મળેલું વરદાન છે. મૃત્યુનાં દુઃખને ટાળવા માટે મૃત્યુને હંમેશા યાદ રાખવું. બુદ્ધિમાં મરણ – મિમાંસા દ્વારા નિફ સંશયતા પેદા કરવી. અને રોજ રાતે સુતાં પહેલા મરણનો અભ્યાસ કરવો. આવી ત્રેવડી સાધના કરતાં રહેવું "

આવુ આપણને ગમે તેટલું જ્ઞાન હોય તોપણ ભય સૌને લાગે છે. ન મહેતા કહે છે. તેમ' જયાં લગી આત્મા તત્વ ચિન્યો નહિ ત્યા લગી સાધના સર્વ જુઠી"

સંતો મૃત્યુને પીડાદાયક ગણતા નથી. તેઓ સમજાવે છે. કે તમે કોઈની પાસેથી પૈસા ઉછીનાં લીધા હોય અને એ પૈસા માગે તો આપણે આપવા પડે લેણદાર માગે ત્યારે આપવા પડે આ દેહ ઉછીનો લીધેલો છે. જીર્ણ થતાં જેમ વસ્ત્ર બદલાવીએ તેમ દેહ જીર્ણ થતા આત્મા વસ્ત્ર બદલાવે છે. (ગીતા)

જીવનનો સતકર્મ દ્વારા સુંદર જીવન જીવીએ તો વિદાયનું દુઃખ ન થાય. ધર્મશાળામાં ભાડે આપણા સ્થળે ઉતરવું જ પડે છે. બસ બદલવાનું દુઃખ થતું નથી. કલ્પનાં કરો કે તમે વૃધ્ધ થઈ ગયા છો. તેમ કોઈની મદદ વગર તમારૂ કાર્ય કરી શકતા નથી. અને આ વખતે ભગવાન તમારી પાસે આવીને કાલે આ જીર્ણ શરીરને બદલે તને સુંદર



**ડો. ધીરજકુમાર વ્યાસ**
**મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)**
**બગસરા**

નવું શરીર આપું છું. તો આ પ્રસ્તાવને કોણ ના પાડશે.?

સૌ રાજી થઈને હા પાડશે. આપણે આવ્યા ત્યારે કશું જ સાથે ન હતું. ચીને હવે કશું જ લીધા વગર જવાનું છે. આમ છતાં સત્ય અને વાસ્તવિક હકીકત છે. કે આપણને મૃત્યુ પસંદ નથી ગીતામાં કહયું છે." હુ કદી ન હતો એમ નથી તેમનું પણ ન હતો કે આ રાજાઓ ન હતા એવું નથી હવે પછી ન હોઈએ એમ પણ નથી. (ગીતા – ૨/૧૨)

સતત કર્તવ્ય માર્ગે ચાલનારને મૃત્યુનો ભય દુર થાય છે. ચારે બાજુ પ્રેમનો પ્રસાદ આપ્યો છે. તેને મૃત્યુનો ભય નથી. આનંદથી સર્વ સ્વજનો, મિત્રોને ચાહી ચાહી સુગંધ મહેંકાવી જાય છે. તેને માટો મૃત્યુનો ભય નથી અનેક પુસ્તકો – પુર્નજન્મનાં" અને મૃત્યુ પછી શું – એમાં લખ્યુ છે કે મૃત્યુ પછીના યાત્રામાં આત્મા જેની સાથે સ્વધર્મ, કર્તવ્ય, પ્રેમ નિભાવ્યો છે. તેને ત્યાં જન્મ અને નવાં સંબંધોનો દોર ચાલુ થાય છે. લેણ – દેણ અને પ્રેમનાં સંબંધો નવા વર્તુળમાં રચાય છે. આટલું લખ્યા પછી વાંચ્યા પછી સાર શું ? શું કહેવાનો મતલબ ? જીવન એક ઉતમ અવસર છે. જીવો ત્યાં સુધી ઉતમ સંબંધો અને ઉચ્ચ આદર્શ જીવન જીવો. આ માટે, સંગીત, ચિત્ર, લેખન, કલા કે કોઈપણ મનગમતા કાર્યમાં પુરેપુરા ડુબો, વ્યસ્ત રહો મસ્ત રહો. મે મારી આસપાસ નેવું–૯૫ વરસનાં સ્ત્રી પુરૂષોને સ્વસ્થ શૈલીથી જીવતા જોયા છે. ૯૧ વરસે આશાભોંસલે પ્રોગ્રામ કરે છે. શ્રી શ્રી રવિશંકરને પ્રશ્નો પુછી માર્ગદર્શન મેળવે છે. સમાજને કહે છે. હું પણ લગ્નજીવનમાંા ત્રણ બાળ કો પછી માતા–પિતાનાં ઘરે જતી રહી હતી. છુટાછેડા લીધા નહોતા અને આજે નાનકડી વાતમાં છુટાછેડા થાય છે. મારો ઉકેલ છે. ચાહીને પ્રેમથી આ જગતને સુંદર બનાવો ખુબ પ્રશ્નો છે પણ ઉદાર દિલે જિંદગીને પ્રેમ કરો. નફરત–દ્વેષ, ક્રોધનો ત્યાગ કરવા વ્રત લો. સમગ્રજગતને ચાહો આખુ વિશ્વ એક કુંટુબં છે. પશુ છે. પંખી છે વનોની વનસ્પતીને પણ ચાહો, જગતનો દરેક પ્રશ્નોનો ઉકેલ પ્રેમ છે. પ્રેમ છે. ત્યાં વેદના નથી. પ્રેમ છે ત્યાં શાંતિ છે. પ્રેમ છે. ત્યાં મૃત્યુનો ભય નથી. સંપીને રહીએ સહન કરતા રહીએ લાંબા સુખદ જીવનની આ સફળ ચાવી છે. I Love you

(અપુર્ણ)

# આવતીકાલથી નવા વર્ષનો દબદબાભેર પ્રારંભ

## હવે નવું વર્ષ શરૂ થવાનાં થોડાક જ કલાકો બાકી રહ્યાં છે

તો તેનું ધમાકેદાર સ્વાગત કરવા માટે લોકો બહુ આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યાં છે અને તેની ઉજવણી કરવા માટે પણ ઘણી બધી તૈયારીઓ કરી રહ્યા છે, કોઈ પોતાના મિત્રો સાથે બહાર જવાનો પ્રોગ્રામ બનાવી રહ્યા છે તો કેટલાક ઘરે પાર્ટી રાખીને નવા વર્ષને આવકારવા માટે ઉત્સાહિત છે.

આ વર્ષમાં જે મળ્યું અને આવતા વર્ષે ફરીથી નવી શરૂઆત કરીને પોતાના ધ્યેયને હાંસલ કરવા માટે યુવાનો નવા–નવા વિચારોથી પોતાને પ્રેરિત કરી રહ્યા હશે.

૨૦૨૩ નું વર્ષ આપણા દેશ માટે ખુબ સારું રહ્યું છે, કેમ કે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ચંદ્ર મિશન મોકલનારો આપણો દેશ વિશ્વમાં પ્રથમ ક્રમે રહ્યું છે, અને સુર્ય ના લાંગ્રજ બિંદુ પર આદિત્ય એલ૧ મિશન મોકલવામાં પણ આપણા દેશે સિદ્ધિ હાંસલ કરીને દુનિયાને અચંબો પમાડી દીધો છે.

વિશ્વમાં ભારતે ચીનને પછાડીને વસ્તીમાં પણ નંબર વન પર આવી ગયું છે.

સૌથી મોટી જી–૨૦ સમિટની અધ્યક્ષતામાં ભારતે મોટી સિદ્ધિ હાંસલ કરીને દુનિયાને પોતાની સંસ્કૃતિની ઓળખ કરાવી છે.

આપણા લોકપ્રિય વડાપ્રધાન દુનિયામાં સૌથી વધુ લોકપ્રિયતા મેળવીને ૭૮% સાથે પ્રથમ સ્થાને રહ્યા છે, અને યુ ટ્યુબમાં પણ તેમના ૨૦મી ફોલોવર ધરાવતાની સાથે જ તેમણે પ્રથમ સ્થાન મેળવ્યું છે.

કચ્છ જેવા પ્રદેશને કોઈ જાણતું નહોતું તેમાં પણ ટુરિઝમ વધારીને લોકોમાં કચ્છની કળા–કારીગીરી અને તેમની સંસ્કૃતિને જાણવા માટે લોકોને દેશ–વિદેશથી આવવા માટે મજબૂર કરી દીધા છે.

ગુજરાતીઓનો પ્રિય તહેવાર નવરાત્રી અને તેમાં લેવામાં આવતા ગરબાને પણ યુનેસ્કોની અમૂર્ત સંસ્કૃતિક વારસાની યાદીમાં સ્થાન મેળવ્યું. આમ, ભારતે ૨૦૨૩ ના વર્ષમાં પોતાનો ડંકો વિશ્વમા વગાડીને બધાની સાથે હરીફાઈમાં ઉતરી આવ્યું છે.

ODI WORLD CUP માં ભલે ભારતને હારનો સામનો કરવો પડ્યો પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાતે ખેલાડીઓની મુલાકાત લઈને તેમને સાંત્વના આપી અને તેમને પ્રોત્સાહિત કર્યા.

૨૦૨૩ ભારત માટે ખૂબ સારું રહ્યું છે અને ૨૦૨૪ માં પણ નવી ટેકોલોજી Artificial Intelligence માં આગળ વધીને ભારત વિશ્વના તમામ દેશો સાથે હરીફાઈ માં સામેલ થવા માટે તૈયાર છે.

**લેખ : ક્રિમા વી. સોની**
**(કોટડા જ)**

# અમરેલીની શ્રીમતિ શાંતાબેન ગજેરા સ્કુલમાં 'વડીલ વંદના' કાર્યક્રમ યોજાયો














અમરેલી : શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા પ્રાથમિક શાળા ગુજરાતી માધ્યમ, અંગ્રેજી માધ્યમ, મિશ્ર માધ્યમનાં સંયુકત ઉપક્રમે તા. ૩૦/૧૨/૨૦૨૩ને શનિવારનાં રોજ 'વડિલ વંદના' કાર્યક્રમ વિદ્યાલભા ઈન્ડોર હોલમાં ભવ્ય રીતે ઉજવાયો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ માં સરસ્વતી વંદના કરી, દીપ પ્રગટાવી, શ્લોકગાન કરી વડીલ વંદના કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જેમાં બાળકોએ માતા–પિતાએ વંદન કરતા નૃત્ય ગીતો રજુ કર્યા હતા. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સંસ્થાનાં ડાયરેટર વસંતભાઈ પેથાણીએ આજનાં કાર્યક્રમનું મહત્વ સાંપ્રત સમયમાં ખુબ જ છે તે વિશે વાલીઓને અવગત કર્યા હતા. બાળકોમાં શિસ્ત, સંસ્કાર અને નૈતિક મૂલ્યો સ્થાપિત થાય, બાળકો માતા–પિતાના ઉપકારને હંમેશા યાદ રાખે અને જીવનમાં પ્રગતિ કરતા રહે તેવી શુભેચ્છા વ્યકત કરી હતી. આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત 'સ્વામી નિત્યશુદ્ધા નંદ સરસ્વતીજી'' એ ભારતીય સંસ્કૃતિ મા મા–બાપ ભગવાનના સ્થાને છે તેનું ઋણ માનવ કયારેય ઉતારી શકતો નથી. તેમનાં ચરણોની સેવા એજ પ્રભુ સેવા સમાન છે. બાળકોએ બાળપણથી જ વડીલો પ્રત્યેનો આદર હંમેશા રાખવો જોઈએ અને મોટી ઉમરે વડીલોની સેવા સાકરી કરી તેમને આદર – સત્કાર આપવો તે સૌની ફરજને યાદ કરી હતી. સ્વામીજીએ વૈદિક શ્લોક ગાનથી વડીલોનું પુજન કરાવ્યું હતું. બાળકોએ માતા–પિતાનાં ચરણોમાં પુષ્પો અર્પણ કરી અને દીપ પ્રગટાવી આરતી કરી એન વડીલોનું પુજન કર્યુ હતું. ત્યારે ભકિત–ભાવથી ભરપુર વાતાવરણ સર્જાયુ હતું. આ અવિસ્મરણીય વડીલ વંદના કાર્યક્રમથી વડીલો તથા બાળકો અત્યંત પસન્ન થયા હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત સંસ્થાનાં ટ્રસ્ટી ચતુરભાઈ ખુંટ, આચાર્યઓ, શિક્ષકગણ, તેમજ મોટી સંખ્યામાં ૧૦૦૦ થી વધુ વડીલો અને વિદ્યાર્થી ભાઈઓ – બહેનો હાજર રહયા હતા. પ્રાથમિક શાળાનાં આચાર્ય કિશનભાઈ સોલંકીએ સંસ્થા પરિવાર વતી સૌનો આભાર વ્યકત કર્યો હતો. સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરાએ સંસ્થામાં વડીલ વંદના કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ અને સંસ્કાર માટેનાં કાર્યક્રમ કરવા બદલ સંસ્થાનાં વ્યવસ્થાપક અને સ્ટાફગણની મહેનતને બિરદાવીને ખુબ ખુબ અભિનંદના પાઠવ્યા હતા.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૩૮ | ૧૪૫૧ |
| ૨ | મગફળી | ૧૧૫૨ | ૧૨૦૦ |
| ૩ | જુવાર સફેદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૪ | તલ સફેદ | ૩૦૫૦ | ૩૦૫૦ |
| ૫ | અડદ | ૧૪૦૧ | ૧૪૦૧ |
| ૬ | તુવેર | ૧૬૬૦ | ૧૬૬૧ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૧૧ | ૧૪૨૬ |
| ૨ | મગફળી | ૯૦૦ | ૧૩૪૦ |
| ૩ | ઘઉં | ૫૧૫ | ૫૪૨ |
| ૪ | ધાણા | ૧૦૨૫ | ૧૦૨૫ |
| ૫ | સોયાબીન | ૮૭૫ | ૮૭૫ |
| ૬ | તુવેર | ૧૪૫૧ | ૧૭૨૮ |
| ૭ | તલ | ૨૫૦૦ | ૨૫૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૧૫૦ | ૧૪૮૦ |
| ૨ | મગફળી | ૧૨૬૦ | ૧૩૩૦ |
| ૩ | જુવાર | ૭૨૫ | ૮૭૫ |
| ૪ | તુવેર | ૧૫૯૦ | ૧૭૫૦ |
| ૫ | ઘઉં | ૪૬૮ | ૫૨૨ |
| ૬ | ચણા | ૯૧૯ | ૧૦૨૧ |
| ૭ | સોયાબીન | ૮૫૨ | ૮૭૮ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૦૦ | ૧૩૦૯ |
| ૨ | શિંગ મોટી | ૧૦૨૦ | ૧૪૫૩ |
| ૩ | શિંગદાણા | ૧૨૦૦ | ૧૫૧૫ |
| ૪ | તલ સફેદ | ૨૦૦૦ | ૩૧૪૨ |
| ૫ | તલ કાળા | ૨૮૩૦ | ૩૧૫૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૮૫૦ | ૪૧૨૯ |
| ૭ | બાજરો | ૪૩૦ | ૫૨૭ |
| ૮ | જુવાર | ૫૭૯ | ૧૧૫૭ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૯૧ | ૫૯૪ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૮૦ | ૬૦૩ |
| ૧૧ | અડદ | ૧૩૯૦ | ૧૯૮૦ |
| ૧૨ | ચણા | ૮૬૦ | ૧૦૬૪ |
| ૧૩ | તુવેર | ૧૧૦૦ | ૧૫૧૫ |
| ૧૪ | કપાસ | ૧૦૪૫ | ૧૪૪૮ |
| ૧૫ | એરંડા | ૧૦૨૫ | ૧૦૮૦ |
| ૧૬ | ધાણા | ૧૦૨૫ | ૧૪૦૦ |
| ૧૭ | સોયાબીન | ૮૨૫ | ૯૧૦ |
| ૧૮ | રજકાનું બી | ૨૮૫૦ | ૩૩૩૩ |
| ૧૯ | મરચા લાંબા | ૧૧૬૦ | ૩૩૮૦ |

### નાયબ દંડક અને સાંસદની ઉપસ્થિતિમાં

# અમરેલીમાં આવતીકાલે સ્પોર્ટસ સંકુલ ખાતે સૂર્ય નમસ્કાર કાર્યક્રમ યોજાશે

### જનતા જનાર્દનને જોડાવવા વહીવટી તંત્રનો અનુરોધ

અમરેલી, તા. ૩૦

ગુજરાત રાજય યોગ બોર્ડ, ગાંધીનગરના ઉપક્રમે સમગ્ર રાજયમાં તા.૧ જાન્યુઆરી, ૨૦૨૩ને સોમવારનાં રોજ સવારે ૭ વાગ્યે રાજયવ્યાપી સૂર્ય નમસ્કાર કાર્યક્રમ–૨૦૨૪નું ભવ્ય અને દિવ્ય આયોજન હાથ ધરવામાં આવ્યું છે. સમગ્ર રાજયમાં ધાર્મિક, આધ્યાત્મિક અને શૈક્ષણિક સહિતના સૂચિત સ્થળો પર સૂર્ય નમસ્કાર કાર્યક્રમ યોજાશે. જેમાં રાજયના અનેક નાગરિકો સહભાગી બનશે. ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક અને અમરેલી, કુંકાવાવ અને વડિયા વિસ્તારના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા કક્ષાનો કાર્યક્રમ અમરેલી સ્થિત ગોળ દવાખાનાની બાજુમાં આવેલા




સ્પોર્ટસ સંકુલ ખાતે યોજાશે. સાંસદ નારણભાઈ કાછડિયા, ધારાસભ્ય સર્વ મહેશભાઈ કસવાલા, જે.વી.કાકડીયા, જનકભાઈ તળાવિયા, હિરાભાઈ સોલંકી સહિતના મહાનુભાવો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. તાજેતરમાં તાલુકા અને જિલ્લા કક્ષાની સૂર્ય નમસ્કાર સ્પર્ધા–૨૦૨૩ યોજાઈ હતી. ગુજરાત રાજય યોગ બોર્ડ, ગાંધીનગર દ્વારા રાજયમાં ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ સૂચિત ૫૧ સ્થળોની યાદી બહાર પાડવામાં આવી છે. આ તમામ સૂચિત સ્થળો પર રાજયના નાગરિકો સૂર્ય નમસ્કાર કરીને વર્લ્ડ રેકોર્ડ બનાવવા માટે સહભાગી થશે. અમરેલી જિલ્લા કક્ષાના સૂર્ય નમસ્કાર કાર્યક્રમમાં જોડાવા માટે સૌ નાગરિકોને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. અમરેલી જિલ્લાકક્ષાના સૂર્ય નમસ્કાર કાર્યક્રમમાં સહભાગી બનીએ.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીનાં માર્કેટયાર્ડમાં**

રેઢો તોલ થાય છે અને સાથે સાથે માલનો ખૂબ બગાડ થાય છે અને એક મહિના પછી પૈસા હાથમાં આવે છે. જયારે અમરેલી માર્કેટયાર્ડમાં અમારી નજર સામે જ હરરાજી થાય અને નજર સામે જ તોલ થાય છે અને બપોરે માર્કેટયાર્ડ તરફથી સ્વાદિષ્ટ ભોજન મળે અને પૈસા લઈને જ ઘરે જતાં રહીએ છીએ જેથી અમે બધા ખેડૂતો ખૂબ ખૂશ છીએ. આમ માર્કેટયાર્ડના સેક્રેટરી તુષારભાઈ હપાણીએ એક અખબારી યાદીમાં જણાવેલ હતું.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૪૮ | ૧૪૨૬ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૬૯૫ | ૮૭૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૦૦ | ૧૩૪૦ |
| ૨ | શીંગ મોટી | ૧૨૫૦ | ૧૪૧૧ |
| ૩ | તલ સફેદ | ૨૫૦૦ | ૩૨૩૦ |
| ૪ | તલ કાળા | ૨૮૦૦ | ૩૩૮૦ |
| ૫ | જીરૂ | – | ૭૩૦૦ |
| ૬ | કપાસ | ૧૨૨૫ | ૧૪૬૧ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૬૦૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૧૫ | ૫૯૯ |
| ૯ | બાજરો | ૪૩૦ | ૫૦૦ |
| ૧૦ | જુવાર | ૪૬૦ | ૮૬૧ |
| ૧૧ | ચણા | ૮૫૦ | ૧૦૫૧ |
| ૧૨ | સોયાબીન | ૮૨૫ | ૯૧૩ |
| ૧૩ | તુવેર | ૧૪૫૧ | ૧૯૫૯ |
| ૧૪ | ધાણા | ૧૦૦૦ | ૧૩૨૦ |


### વિભાગીય નિયામક મદદ કરે તે જરૂરી

# કેમ ભણવું ? : ખાંભાનાં ગ્રામ્ય વિસ્તારમાં અનિયમિત એસ.ટી. સેવાથી વિદ્યાર્થીઓ પરેશાન

### વિદ્યાર્થીઓએ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું

ખાંભા, તા. ૩૦

ખાંભા જે.એન. મહેતા હાઈસ્કૂલમાં ગામડાના વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય ત્યારે અનિયમિત એસટી બસ મળતાં તેમજ અમુક રૂટ ની બસ બંધ હોય તેને લઈ વિદ્યાર્થીઓને ખાંભા મામલતદારને આવેદનપત્ર પાઠવવાની ફરજ પડી પત્રમાં જણાવ્યા મુજબ વિધાર્થી જુદા જુદા ગામમાંથી અભ્યાસ અર્થે અહીંયા ખાંભા જે.એન. મહેતા હાઈસ્કૂલમાં આવીએ છીએ પરંતુ અમારા ગામથી ખાંભા આવવા જવા માટે એસ.ટી બસોના રૂટ ખૂબ ઓછા છે તે વધારવા શરૂ છે તે પણ અનિયમિત છે અથવા કોઈ રૂટ ગમે ત્યારે બંધ કરી દેવામાં આવે છે જેના કારણે અમારે કયારેક વહેલા જો કે મોટાભાગે શાળાનો સમય પહેલા અમારો અભ્યાસ અધૂરો છોડીને જવું પડે છે ટાઈમ સર એસ.ટી. બસ ન મળ તા વિદ્યાર્થીઓને બે થી ત્રણ કલાક બેસવું પડે છે જેના કારણે વિદ્યાર્થીઓને અભ્યાસ ઉપર ગંભીર અસર પડે છે અને તેમની કારકિર્દી બગડે છે વિદ્યાર્થીઓને પાસ હોવા છતાં પ્રાઈવેટ વાહનમાં જવું પડે છે પોતાના નાસ્તાના પૈસા હોય તે પ્રાઈવેટ ભાડું આપવા મજબૂર બને છે. જો પ્રાઈવેટ વાહનમાં કોઈ અકસ્માત સર્જાય અથવા જાનહાની થાય તો જવાબદાર કોણ????? ધારી–રાજુલા રૂટ બસ બંધ છે ધારી–લાસા રૂટની બસ અનિયમિત છે રાજુલા–સાવરકુંડલા રૂટની બસ




બંધ છે સાવરકુંડલા–જાફરાબાદ આ રૂટની બસ અનિયમિત છે ફરી નિયમિત કરવા માંગ ઉઠી. અને જે રૂટની બસ બંધ છે તે ચાલું કરવી. ટૂંક સમયમાં આ માંગ પૂરી કરવામાં નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે રસ્તા રોકો આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૦૦ |
| ૨ | ચણા | ૬૯૦ | ૧૧૭૦ |
| ૩ | ચણા સફેદ | ૧૦૨૦ | ૧૦૨૦ |
| ૪ | ધાણા | ૯૨૦ | ૧૩૧૫ |
| ૫ | તુવેર | ૧૦૪૦ | ૧૦૪૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૮૮ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૯૪ | ૫૧૭ |
| ૮ | તલ સફેદ | ૨૫૪૫ | ૨૮૩૫ |
| ૯ | સોયાબીન | ૮૨૪ | ૮૮૫ |
| ૧૦ | મકાઈ | ૪૪૫ | ૪૪૫ |
| ૧૧ | જુવાર | ૮૩૫ | ૧૦૫૫ |
| ૧૨ | મગફળી | ૧૦૫૫ | ૧૦૫૫ |
| ૧૩ | શીંગદાણા | ૧૧૦૦ | ૧૧૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૧૩૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૮૦૦ | ૩૨૦૦ |
| ૩ | તલ કાળા | ૩૧૦૦ | ૩૧૦૦ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૪૫૧ |
| ૫ | બાજરો | ૪૧૩ | ૫૧૬ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૪૧ | ૬૨૬ |
| ૭ | જુવાર | ૭૫૧ | ૧૨૦૯ |
| ૮ | મકાઈ | ૫૬૫ | ૫૬૫ |
| ૯ | અજમા | ૧૩૦૧ | ૧૩૦૧ |
| ૧૦ | અડદ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૧ | તુવેર | ૧૮૨૧ | ૧૮૨૧ |
| ૧૨ | તલ પીળા | ૪૦૦૧ | ૪૦૩૧ |
| ૧૩ | રાય | ૭૦૦ | ૭૦૦ |
| ૧૪ | સોયાબીન | ૭૯૫ | ૮૪૯ |

# અમરેલીમાં એક વૃદ્ધા રખડુ શ્વાનના કારણે મોતને ભેટી


# માનવ વસાહતમાં પ્રાણીઓ વસે છે કે પ્રાણી વસાહતમાં માનવ ?

**બગસરામાં નીલગાય દુકાનમાં ઘુસી જતા દોડધામ મચી તો આંબરડીમાં સિંહણ રખડુ શ્વાન પાછળ દોડી**

**ગ્રામ્ય વિસ્તારમાં દીપડાઓ, નીલગાય, સિંહ અને શહેરી વિસ્તારમાં શ્વાન, ગાય અને આખલાઓએ હાહાકાર મચાવ્યો**

**અમરેલી જિલ્લામાં વિકસિત ભારત યાત્રા ફરી રહી છે તેવા જ સમયે પ્રાણીઓથી પરેશાનીના કિસ્સા બહાર આવી રહ્યા છે**

**વન, પાલિકા સહિતના વિભાગો આળશ ખંખેરી પ્રાણીઓને સલામત સ્થળે ખસેડે તે જરૂરી છે**

તસ્વીર : સુભાષ સોલંકી–આંબરડી





તસ્વીર : સમીર વિરાણી–બગસરા

અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લાની જનતા પ્રાણીઓની વસાહતમાં રહે છે કે પ્રાણીઓ માનવ વસાહતમાં વસે છે તેની ખબર ન પડે તેવી ગંભીર સ્થિતિ જોવા મળી રહી છે.

અમરેલીના ગજેરાપરામાં એક વૃદ્ધાને ૩–૪ દિવસ પહેલા વ્હેલી સવારે રખડુ શ્વાને બચકા ભરી લેતા તેણીનું હોસ્પિટલ પહોંચે તે પહેલા જ મોતની ઘટના બની ચુકી છે.

સાવરકુંડલાના આંબરડી ગામે સિંહણે શિકાર માટે દોડ લગાવતા રખડુ શ્વાન અને ગ્રામજનોમાં દોડાખોડી થઈ પડી હતી તો બગસરામાં જુની શાકમાર્કેટમાં એક નીલગાય દુકાનમાં ઘુસી જતા અફડાતફડીનો માહોલ ઉભો થયો હતો.

જિલ્લાના શહેરી વિસ્તારોમાં રખડુ શ્વાન, ગાય અને આખલાઓ અને ગ્રામ્ય વિસ્તારમાં નીલગાય, દીપડા અને સિંહ જેવા પ્રાણીઓ બઘડાટી બોલાવી રહયા હોય ગ્રામ્ય વિસ્તારમાં વન, ખેતિવાડી અને શહેરી વિસ્તારમાં પાલિકાના શાસકો, પ્રાણીઓને સલામત સ્થળે ખસેડીને જનતા જનાર્દનની જિંદગી સુરક્ષિત કરે તેવી માંગ ઉભી થઈ રહી છે.

**આંબરડી**

સાવરકુંડલાના ગીરકાંઠા નજીક આવેલ આંબરડી ગામે આજે વહેલી સવારે ગામમાં સિંહણ આવી ચડી હતી, સિંહણે શિકાર માટે ગાય પાછળ દોડ લગાવતા ગાય અને આરામ ફરમાવતા એક શ્વાને પણ સિંહણના શિકારથી બચવા ઊભી પૂંછડીએ દોટ મૂકી હતી, સા સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી.

અમરેલી જિલ્લામાં સિંહોની અવર જવરની સામાન્ય બાબત છે. પરંતુ આજે વહેલી સવારે સિંહણે શિકાર માટે ગાય પાછળ દોડ લગાવતા ઘરના પગથિયે સૂતેલા શ્વાન પણ ઊભી પૂંછડીએ ભાગ્યો હતો. આ સમગ્ર ઘટના સાવરકુંડલાના આંબરડી ગામે બની હતી.

આજે વહેલી સવારે ૪ વાગ્યા આસપાસ સિંહણ જંગલ તરફથી આવી ગાય પાછળ દોડી હતી, ગાયે જીવ બચાવવા ગામ તરફ દોડ લગાવી હતી.

સીસીટીવી લાગેલ મકાનના પગથિયે એક શ્વાન સૂતો હતો જે સિંહણને જોઈ અને તે પણ ઊભી પૂંછડીએ ભાગ્યો હતો, સિંહણની આ ચહલ પહલથી મકાન માલિક જાગી જઈ લાઈટ કરતા સિંહણ ત્યાં જ ઊભી રહી જતા ગાય અને શ્વાન બંને સિંહણથી જીવ બચાવવામાં સફળ રહ્યા હતા. આ સમગ્ર ઘટના એસ.બી.આઈ. બેંક સામે રહેણાંકી મકાનમાં લાગેલ સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી.


**બગસર**

બગસરામાં બજારોમાં ભૂલો પડેલ રોજડુ કુકાવાવ નાકા મેઈનબજાર થઈ જૂની શાક માર્કેટમાં ખાનભાઈ પાનવાળાની દુકાનમાં અચાનક ઘુસી જતા લોકોની ભાગદોડ મચી લોકોના ટોળેટોળા ઉમટયા ત્યારબાદ જંગલ ખાતા વાળાને જાણ થતા ત્યાં આવી પહોંચ્યા અને રોજડુ નીલગાયને કાઢવાનો પ્રયત્ન કર્યા મહા મહેનતે રોજડું બહાર નીકળ્યું હતું ત્યારબાદ સાતલડી નદીના પટ્ટમાં પાણીમાં જઈ ચડયું ત્યારબાદ જંગલ ખાતાએ પકડી પાડયું હતું.

### બાળકોને નવતર પ્રયોગથી શિક્ષણ આપવાનું શરૂ કરતા

# અરે વાહ : અમરેલીના શિક્ષિકા અને શિક્ષણ સમિતિનાં ચેરમેનને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે શુભેચ્છા પાઠવી

**શિક્ષિકા શીતલબેન મકાણી અને ચેરમેન તુષારભાઈ જોષીનાં કાર્યને બિરદાવ્યું**





અમરેલી, તા. ૩૦

STUDY GAME (ડીઝીટલ અભ્યાસ, ગમ્મત સાથે જ્ઞાન)નવતર પ્રયોગ દ્વારા બાળકોને શિક્ષણ આપવાના નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમરેલી સંચાલિત જેસીંગપરા કન્યાશાળાનાં શિક્ષિકા શિતલબેન મકાણીનાં પ્રયાસને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ટિવટ કરીને શાબાસ ગુજરાત બાળકોને જ્ઞાન સાથે ગમ્મત આપતા ૯૦૦ જેટલી સ્ટડી ગેમ્સનાં કયુઆર કોડ દ્વારા સરળતાથી સમજ મેળવી શકે તે પ્રયોગને પ્રોત્સાહિત કરતા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમરેલીનાં ચેરમેન તુષાર જોષી અને ટીમ, આચાર્ય અને બાળકો ઉત્સાહિત છે.

અને આનો લાભ ગુજરાત ભરના બાળકોને મળે તે માટેના તમામ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

### ધારાસભ્ય મહેશ કસવાલાની રજુઆતથી

# સાવરકુંડલાની નવલગંગા (નાવલી નદી)માં આગામી દિવસોમાં નર્મદાનાં નીર પધારશે

**રીવરફ્રન્ટના ધારાસભ્યનું સ્વપ્ન સાકાર થવા જાણી**



સાવરકુંડલા, તા.૩૦

સાવરકુંડલા લીલીયા વિધાનસભા બેઠક પર ચુંટાઈ આવ્યા બાદ માત્ર સાવરકુંડલા લીલીયા મત ક્ષેત્રમાં વિકાસની નવી કેડી કંડારવાની નેમ સાથે સતત કાર્યશીલ રહીને કામમાં ઓતપ્રોત રહેતા ધારાસભ્ય મહેશ કસવાળાએ સંત શૂરાની ધરા ગણાતી નાવલી નદીમાં નર્મદા મૈયાનાં નીર આવે તે માટે સરકારમાંથી ૧૪ કરોડ રૂપિયાની સૈધાંતિક મંજુરી મેળ વીને યશ કલગીમાં વધુ એક પીછું ઉમેર્યુ છે. સાવરકુંડલા શહેરની મધ્યમાંથી પસાર થતી સુકી ભઠ્ઠ પડેલી નાવલી નદી કાયમી રીતે વહેલી રહે તેવા ચુંટણી ટાઈમે ભાજપનાં ઉમેદવાર તરીકે આપેલા વચનો વિપક્ષ મજાકમાં ઉડાવીને શેખ ચલ્લીનાં દિવા સ્વપ્નો બતાવતા હોય ને હથેળીમાં ચાંદ બતાવનારા ભાજપનાં ઉમેદવાર મહેશ કસવાળા વિરૂદ્ધ અપપ્રચાર કરતા વિપક્ષને લપડાક સમાન નાવલી નદી જેને નવલગંગા તરીકે પણ ઓળખાય છે. જે નાવલી નદીનું પાણી હાલ સુકાઈ ગયેલ હોય તે નાવલી નદીમાં માં નર્મદા મૈયાનાં નીર કાયમી વ્હે તે અંગે રાજય સરકારમાં કરેલી રજુઆતોને ફળ સ્વરૂપે ૧૪ કરોડનાં ખર્ચે નાવલી નદી ઉપર આવેલા સુકનેરા અને હાથાનાં આંબાની ખોડીયાર ડેમમાં નર્મદાનું પાણી ઠલવાઈ અને નાવલી નદી ૨૪ કલાકને ૩૬૫ દિવસ ખળખળ વહેતી રહે સાથે સાવરકુંડલામાં રીવરફ્રન્ટ ધારાસભ્ય મહેશ કસવાળાનો ડ્રીમ પ્રોજેકટ હોય તે અંગે ડીટીપી અને એસ્ટીમેન્ટ માટે ટુંક સમયયમાં ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાશે જે માટે હાલ સરકારશ્રીની સૈધાંતિક મંજુરીઓ મળ તા ધારાસભ્ય કસવાળા નામનાં નહિ પણ કામનાં કસવાળા મતદાતાઓ કહી રહયા છે.

તેમ સત્વ અટલધારા કાર્યાલયનાં ઈન્ચાર્જ જે.પી. હિરપરાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

**નામ બદલાવેલ છે**

આથી હું જાહેર કરનાર, **રૂચિત જયસુખભાઈ ડુમ્મર** મારૂ જુનું નામ **રૂચિતકુમાર જયસુખભાઈ ડુમ્મર** માંથી, બદલીને **રૂચિત જયસુખભાઈ ડુમ્મર** કરેલ છે. તો હવેથી હું આ નામથી ઓળખાઈશ.

### યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનીષ સંઘાણીના અધ્યક્ષ સ્થાને

# અમરેલી જિલ્લા મધ્યસ્થ બેંક લી. દ્વારા મોટા મુંઝીયાસર ખાતે નાણાકીય સાક્ષરતા શિબિર યોજાઈ



અમરેલી, તા. ૩૦

આજરોજ ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘ ન્યુ દિલ્હી એનસીયુઆઈના સહયોગથી અમરેલી જિલ્લા સહકારી સંઘના ચેરમેન મનીષભાઈ સંઘાણીના માર્ગદર્શન હેઠળ અમરેલી જીલ્લા સહકારી સંઘ દ્વારા સેવા સહકારી મંડળીઓના સદસ્યોનો ૧૫ દિવસીય ક્ષમતા વિકાસ કાર્યક્રમનો શુભારંભ કરાયો. જેમાં અમરડેરી અમરેલી ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.ના ચેરમેન જયંતીભાઈ પાનસુરીયા, અમરેલી જિલ્લા સહકારી સંઘના ડિરેકટર બાબુભાઈ હિરપરા, ધીરૂભાઈ વાળા ઉપસ્થિત રહ્યા હતા. એકમની શરૂઆતમાં સૌપ્રથમ ઈશ્વરની પ્રાર્થના કરવામાં આવી ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા કાર્યક્રમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવનું પુષ્પગુચ્છ અને સાલથી સન્માન કરવામાં આવેલ. ત્યારબાદ સમગ્ર કાર્યક્રમની રૂપરેખા અને વિગતવાર માહિતી અમરેલી જિલ્લા સહકારી સંદીપભાઈ ઠાકર દ્વારા આપવામાં આવી ત્યારબાદ પ્રસંગોચિત વકતવ્યમાં સૌપ્રથમ અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ અમરેલીનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલિયાએ જણાવેલ કે ભારત સરકાર દ્વારા નવા સહકાર મંત્રાલયની રચના કરવામાં આવેલ છે અને તેનું સુકાન દેશના ગૃહ મંત્રી અમિતભાઈ શાહને સોંપવામાં આવેલ છે. આગામી સમયમાં સહકારી મંડળીઓને અનેક નવી કામગીરી ભારત સરકાર દ્વારા સોંપવામાં આવનાર છે ત્યારે મંડળીઓના પ્રમુખ મંત્રીઓને આ દિશામાં સમય સાથે તાળ મેળવવા પોતાની જાતને આવી તાલીમ દ્વારા સતત કાર્યક્ષમ અને વિકસિત બનાવી પડશે.

ત્યારબાદ અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેંચાણ સંઘ લી.નાં ચેરમેન જયંતીભાઈ પાનસુરીયા જણાવેલ કે અમરેલી જિલ્લા સહકારી સંઘની છેલ્લા પાંચ વર્ષમાં મનીષભાઈ સંઘાણીનાં માર્ગદર્શન નીચે ખૂબ પ્રશંસનીય કામગીરી રહી છે તે બદલ તેઓએ મનીષભાઈ સંઘાણીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. જેન્તીભાઈ પાનસુરીયા જણાવેલ કે આજના ઝડપથી બદલાતા સમયમાં સહકારી મંડળીઓના સંચાલકોએ પોતાની જાતને સતત અપડેટ રાખવી પડશે ટેકનોલોજીના આ યુગમાં હવે ઘણા બધા મહત્વના ફેરફારો આવી રહ્યા છે ત્યારે આવા તાલીમ વર્ગો આપણને સમયની ધારા સાથે તાલ મિલાવવામાં ખૂબ મદદરૂપ થનાર છે. ત્યારબાદ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી અમરેલી જિલ્લા સહકારી સંઘના ચેરમેન મનીષભાઈ સંઘાણીએ જણાવેલ કે આત્માને પર ભારતનું નિર્માણ થઈ રહ્યું છે ભારત હવે આગામી સમયમાં વિકસિત ભારત બનવા જઈ રહ્યું છે ત્યારે માં ભારતીને વિકાસના સર્વોચ્ચ શિખરે વિશ્વમાં સ્થાપિત કરવામાં દરેક ભારતીય નાગરિક અને સહકારિતામાં પડેલા દરેક વ્યકિતએ પોતાની પોતાનાથી બનતું યોગદાન આપવું જ પડશે. તો જ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર થશે તેઓ અમરેલી જિલ્લા સહકારી સંઘની વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે શિક્ષણ તાલીમના કાર્યક્રમમાં નવી સહકારી મંડળીની નોંધણી કરી આપવી સહકારી સંસ્થાઓ માટે જરૂરી સાહિત્યનું વેચાણ વગેરેનો ઉલ્લેખ કરી તેનો લાભ ઉઠાવવા આ તકે સૌને અનુરોધ કર્યો હતો.

આ તાલીમ કાર્યક્રમ તારીખ ૨૮/૧૨/૨૦૨૩ થી ૧૧/૧/૨૦૨૪ સુધી અમરેલી ખાતે શ્રી ગાયત્રી મંદિર, ચિતલ રોડ, અમરેલીનાં સભાખંડમાં સંચાલિત થનાર છે. આ સમગ્ર તાલીમ વર્ગને સફળ બનાવવા અમરેલી જિલ્લા સહકારી સંઘના એકિઝકયુટિવ ઓફિસર ભાર્ગવભાઈ ત્રિવેદી, જિલ્લા સહકારી સંઘના સી.ઈ.આઈ. સંદીપભાઈ ઠાકર જહેમત ઉઠાવી રહ્યાં છે. સમગ્ર તાલીમ વર્ગને સફળ બનાવવામાં અમરેલી જિલ્લા મધ્ય સહકારી બેંક લી., અમર ડેરી, અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેંચાણ સંઘ લી., ઈકો ક્રિપ્ટોના બોર્ડનાં અધિકારીગણ યોગદાન આપી રહ્યા છે. સમગ્ર તાલીમ કાર્યક્રમ અને ઉદ્ઘાટન કાર્યક્રમનું સંચાલન અને આભાર વિધિ અમરેલી જિલ્લા સહકારી સંઘના સીઆઈ સંદીપભાઈ ઠાકર દ્વારા કરવામાં આવી.

### નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાનાં

# અમરેલીનાં વિદ્યાર્થીઓનાં ઝોનકક્ષા અને તાલુકાકક્ષાએ વિવિધ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ

**ચેરમેન તુષાર જોષી, શાસનાધિકારી એ.એચ. જોષીએ શુભેચ્છા પાઠવી**




અમરેલી, તા. ૩૦

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત રોકડિયાપરા પ્રાથમિક શાળા અને જેસીંગપરા કન્યાશાળા જેસીંગપરા કન્યા શાળાનાં બાળકો માટે સરકાર દ્વારા વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવેલ. જેમાં તમામ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. આ વિવિધ સ્પર્ધાઓમાં બાળકોએ પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમ મેળવેલ છે.

| ક્રમ | સ્પર્ધા | સ્પર્ધાનું નામ | બાળકનું નામ | વિજેતા ક્રમ |
|---|---|---|---|---|
| (૧) | ઝોનકક્ષા સ્પર્ધા | બાલવાર્તા સ્પર્ધા | બાવળિયા સુમન | પ્રથમ |
| (૨) | તાલુકાકક્ષા | લોક નૃત્ય | ડાભી ક્રિષ્ના | પ્રથમ |
| (૩) | તાલુકાકક્ષા | રાસ | ધો.૬ થી ૮નાં બાળકો(સમુહમાં) | પ્રથમ |
| (૪) | તાલુકાકક્ષા | ગરબા | ધો. ૬ થી ૮નાં બાળકો(સમુહમાં) | પ્રથમ |
| (૫) | તાલુકાકક્ષા | લગ્નગીત | જોષી ઝીલ | પ્રથમ |
| (૬) | તાલુકાકક્ષા | લોકનૃત્ય | ધો. ૬ થી ૮નાં બાળકો(સમુહમાં) | દ્વિતિય |
| (૭) | તાલુકાકક્ષા | લોકગીત | શેલાણા જયેશ | દ્વિતિય |
| (૮) | તાલુકાકક્ષા | તબલા વાદન | સિધ્ધપરા સન્ની | દ્વિતિય |
| (૯) | તાલુકાકક્ષા | એકપાત્રીય અભિનય | બથવાર હેતલ | તૃતિય |
| (૧૦) | તાલુકાકક્ષા | સુગમ સંગીત | બામણિયા નાનીયા | તૃતિય |
| (૧૧) | તાલુકાકક્ષા | સમુહગીત | ધો. ૬ થી ૮નાં બાળકો(સમુહમાં) | તૃતિય |

ઉપરોકત તમામ બાળકોને હવે પછીની સરકાર દ્વારા આયોજીત વિવિધ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરે તેવી શિક્ષણ સમિતિનાં ચેરમેન તુષાર જોષી, શાસનાધિકારી એ.એચ. જોષી, વાઈસ ચેરમેન ડી.સી. ગોલ અને ટીમ તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યાં.

**''અમરેલી એક્સપ્રેસ''**

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

**સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭**

**જાહેર હરરાજી**

જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં મોટરસાયકલ નંગ–૦૫ અને ફોરવ્હીલ (ફીયાટ) કાર નંગ–૦૧ મળી કુલ–૦૬ માત્ર સ્ક્રેપ કરવા લાયક વાહનો જાહેર હરરાજીથી વેચાણ આપવાના હોવાથી ભંગાર તેમજ સ્ક્રેપના વાહનો ખરીદવામાં રસ ધરાવનારા વેપારીઓને **તા.૦૬/૦૧/૨૦૨૪**ના રોજ **જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશન** ખાતે જાહેર હરરાજીમાં હાજર રહેવા જણાવવામાં આવે છે. શરતો હરરાજીના સમયે રૂબરૂમાં સંભળાવવામાં આવશે.

નિવેદક
પોલીસ ઈન્સ્પેકટર
જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશન

**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – સાવરકુંડલા**

ઠે. મહુવા રોડ, રેલવે ફાટક પાસે, સાવરકુંડલા.

**જાહેરાત**

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ–સાવરકુંડલા જી. અમરેલીના જૂના યાર્ડમાં વે–બ્રીજ ઓફીસની આવેલ ટી.એમ.સી. પ્રોજેકટ અંતર્ગત સને ૨૦૦૧ માં બનેલ આર.સી.સી. શેડ આજુ–બાજુની મિલ્કતને તથા જાન–માલને નુકશાન ન થાય તેવી રીતે વ્યવસ્થિત તોડીને પ્લીન્થ લેવલ સુધી કરી આપવાનું કામના ભાવો મંગાવવામાં આવે છે. જેમાં

(૧) તેમાંથી નીકળતુ માત્ર લોખંડ લઈ જવાનુ અને મલબો એ.પી.એમ.સી.ના ટ્રેકટરમાં ભરી આપવા સાથેના ભાવો તથા

(૨) તેમાંથી નીકળતુ લોખંડ, મલબો લઈ જવા વગરના મલબો એ.પી.એમ.સી.ના ટ્રેકટરમાં ભરી આપવાના ભાવો અલગ–અલગ આપવાના રહેશે. તો રસ ધરાવતી વ્યકિત/પાર્ટીએ પોતાના ભાવો બંધ કવરમાં દિવસ–૫ માં બજાર સમિતિ–સા.કું.ની ઓફીસે પહોંચતા કરવા.

**નોંધ :–** કામ આપવા બાબતે આખરી નિર્ણય કરવાના તમામ અબાધિત અધિકાર બજાર સમિતિ સાવરકુંડલાને રહેશે.

**દિપકભાઈ માલાણી** – ચેરમેનશ્રી
**મહેશભાઈ લખાણી** – વાઈસ ચેરમેનશ્રી
**જે.વી. માલાણી** – સેક્રેટરીશ્રી

**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – સાવરકુંડલા**

0 સિબીલ ઉપર મોબાઈલ ખરીદો
આકર્ષક ઓફર સાથે
અમરેલીમાં પહેલી જ વાર...
શ્રીજી સેલ્ફ ફાયનાન્સ
સરળ હપ્તે
કોઈપણ કંપનીના સ્માર્ટ ફોન મેળવો
સ્માર્ટ ફોન સાથે શ્યોર ગીફ્ટ તો ખરી જ...
■ ન કોઈ એરીયા લીમીટ
■ ઓછા ડાઉન પેમેન્ટથી મેળવો
નવા મોડલ હાજર સ્ટોકમાં
શ્રીજી મોબાઈલ
૭-૮, રાજકમલ ચોક, મ્યુનીસીપલ શોપીંગ સેન્ટર, નાના બસ સ્ટેન્ડ ચોક, અમરેલી.
હાર્દિક સેંજલીયા - મો. ૯૮૨૫૫ ૪૯૯૯૧

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ४६૯०२

SAMSUNG
વ્યાજબી ભાવ, સર્વોત્તમ સર્વીસ, ઉત્તમ પ્રોડક્ટ એજ અમારી ઓળખ !
0% વ્યાજદર
INSTANT CASHBACK OFFER
સરળ માસિક હપ્તે વસાવો
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION | EASY EMI AVAILABLE
BAJAJ FINSERV | HOME CREDIT FINANCE | HDFC BANK | HDB FINANCIAL SERVICES
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૪૮૪૪ ૫૯૫૪૭

LG BEST SHOP
Life's Good.
India ka Celebration
આ તહેવારોમાં ઘરે લઈ જાઓ એલજી પ્રોડક્ટ આકર્ષક ઓફર સાથે
FROST FREE REFRIGERATOR GL-C322KPZY
DoorCooling+
Capacity : 291 L
MRP : ₹ 39,599* ઓફર કિંમત : ₹ 26,000*
FROST FREE REFRIGERATOR GL-N292BDSY
Capacity : 242 L
MRP : ₹ 28,999* ઓફર કિંમત : ₹ 20,490*
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી. મો. 9974772377

Sheetal
BUY 1 GET 1 OFFER
FREE
TRADITIONAL KULFI
ON ORDER OF ANY PIZZA
Sheetal Garden Parlour Atal Park, Collage Circle, Amreli.
10:00am to 11:00pm

NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
24x7 Emergency Services
અતિ આધુનિક સુવિધાયુક્ત આઈ.સી.યુ તથા વેન્ટિલેટરની સુવિધા
હવે...બદલાશે સારવારની પરીભાષા
હૃદયના એટેક | બ્લડ પ્રેશર
ફેફસાંના રોગો | પેરાલિસિસ
કિડનીના રોગો | ડાયાબિટીસ
લીવરના રોગો | પેટના રોગો
ઝેરી દવાઓ (પોઈઝન) | સર્પ દંશ
ડો. જાગૃતિ ચાંડપા
(M.D. Physician)
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ

એનીવર્સરી કાર્નિવલ
મેગા એક્ઝીબીશન સેલ
વર્ષનાં સૌથી સસ્તા સાત દીવસ
5%* થી 50%* સુધીનું ભવ્ય ડીસ્કાઉન્ટ
ફાઈનાન્સ તથા ક્રેડીટ કાર્ડ પર આકર્ષક કેશબેક
25 થી 31 ડીસે.2023
સવારે 9 થી રાત્રે 9 સુધી
એક્ષચેંજ ઓફર
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
BOSCH
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
BOSCH ઈલેક્ટ્રોનીકસ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડકટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એકજ સ્થળે...
• Mixer Grinders • Buit-in ovens • Buit-in hobs • Gas Cooktop
• Freestanding Range Cookers • Steam appliances • Microwaves
• Chimneys • Warming Drawers • Cooking & Banking Accessories
• Washing Machines • Washer Dryer • Dishwasher • Fridges & Freezers
• Food Processors • Hand belnders • Hand mixers • Juice extractors
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
AMRELI'S No 1 Since 1994
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૬૮૭૦૧૪૦૦૦

*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)